સ્વતંત્રતાનાં પચાસ વર્ષ

# 'હિન્દ છોડો' લડત

ચંદ્રકાન્ત મહેતા



GJ 891.472
M 474 H

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# 'હિન્દ છોડો' લડત

ચંદ્રકાન્ત મહેતા

ચિત્રકાર

દીપક મૈત્રા

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

Library IIAS, Shimla
GJ 891.472 M 474 H
00130245

Acc. No. 130245
Date 8-9-2010
SHIMLA

Guj
891.472
M474H

ISBN 81-237-2021-1

1997 (*શક 1919*)
© ચંદ્રકાન્ત મહેતા, 1997
'HIND CHHODO' LADAT (*Gujarati*)

**રૂ. 8.00**

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા
એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી – 110 016

# એક

ડંકો વાગ્યો, લડવૈયા શૂરા જાગજો રે
શૂરા જાગજો રે, કાયર જાગજો રે

ડંકો વગાડીને, આપણા દેશના લોકોને લડવાની તૈયારી કરવાનું કહેનારા અને અંગ્રેજો, જે આપણા દેશ પર રાજ કરતા હતા, તેમને અહીંથી ભાગી જવાનું કહેનાર હતા મહાત્મા ગાંધી. એ વખતે અંગ્રેજો આપણી પર રાજ કરતા હતા. એમણે આપણા દેશને ખૂબ લૂંટ્યો, આપણા ઉદ્યોગ-ધંધાનો નાશ કર્યો, કસબી કારીગરોનાં આંગળાં કાપ્યાં, આપણા આબાદ દેશને બરબાદ કર્યો. આપણા દેશના લોકોએ પણ વારંવાર એમની સામે લડત ચલાવ્યા કરી.

પહેલી લડાઈ 1857માં અંગ્રેજોના લશ્કરમાંના આપણા દેશી સિપાઈઓએ કરી. ગોરા સિપાઈઓ દેશી સિપાઈઓનું ડગલે ને પગલે અપમાન કરતા, એ લોકો કૂતરા હોય તેમ હડહડ કરતા. પણ જ્યારે આપણા સિપાઈઓને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન થયો, ત્યારે આપણા સિપાઈઓએ, અંગ્રેજ અમલદારો તથા સિપાઈઓ પર હુમલો કર્યો. ઠેર ઠેર એમની કતલ કરી, દેશના ઘણા ભાગોમાં અંગ્રેજોને માર્યા તથા ભગાડયા. દિલ્હીની ગાદી પર બહાદુરશાહને બેસાડ્યા. અંગ્રેજોને આપણા દેશના લોકોની તાકાતનો પરચો મળ્યો એ લડાઈમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ રણમેદાનમાં અંગ્રેજો સામે તલવારથી લડી. એ લડાઈમાં હિન્દુ તથા મુસલમાન બન્ને એકબીજાની પડખે હતા. બંનેએ લડાઈમાં સરખેસરખો ભાગ લીધો હતો. એકાએક લડાઈ શરૂ થઈ હોવાથી તથા હથિયારો પૂરતાં ન હોવાથી, આખરે આપણે હારી ગયા.

પણ અંગ્રેજ સરકાર ચોંકી ગઈ.

બંગાળામાં અંગ્રેજ સરકારનો જુલમ ખૂબ જ વધી ગયો હતો. લોકો ત્રાહી ત્રાહી પોકારતા હતા. પણ મૂંગે મોઢે સહન કરીને બેઠા રહેવાનું એમના સ્વભાવમાં નહોતું. એથી ત્યાંના યુવકોએ એકલદોકલ અંગ્રેજો પર હુમલા કરવા માંડ્યા, અને કેટલાક ને તો પિસ્તોલથી મારી પણ નાંખ્યા. એટલે અંગ્રેજ સરકારે બંગાળીઓમાં ફાટફૂટ પડાવવા 1905માં બંગાળ પ્રાંત ને પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે વિભાગમાં વહેંચી નાંખ્યો. પૂર્વ બંગાળમાં મુસલમાનોની બહુમતી હતી, પશ્ચિમ બંગાળમાં હિન્દુઓની સરકારે ધારેલું કે આમ બંગાળના ભાગલા પાડવાથી હિન્દુ અને મુસલમાન છૂટા પડી જશે. પણ અંગ્રેજોએ માનેલું તેનાથી ઊલટું જ થયું. બન્ને બંગાળમાં અંગ્રેજ સરકારની સામે લોકોએ લડત ઉપાડી. હિન્દુ મુસલમાને એકબીજાને રાખડી બાંધી. ભાગલા રદ કરાવીને જ જંપશું એવી પ્રતિજ્ઞા લીધી. પરદેશી માલનો બહિષ્કાર અને સ્વદેશી માલ ખરીદવાની ઝૂંબેશ ચાલી. અંગ્રેજોના વેપારમાં એથી જબરો ફટકો પડયો. પરદેશી કાપડની હોળી ઠેર ઠેર થવા લાગી. જુવાનિયાઓ બૉંબ ફેંકીને કે પિસ્તોલ મારીને અંગ્રેજોની હત્યા કરવા લાગ્યા. સત્તર અઢાર કે વીસ વર્ષના કેટલાય છોકરા હસતે મોઢે ફાંસી પર ચઢયા. ફક્ત બંગાળી જ નહિ પણ આખો દેશ એમાં જોડાયો. છ વર્ષ સુધી લડાઈ ચાલી. આખરે 1911માં સરકારને હાર કબૂલવી પડી. બંગાળના ભાગલા રદ કરવા પડયા. આ આપણી અંગ્રેજો સામેની લડાઈમાં પહેલી જીત હતી.

દક્ષિણ આફ્રિકામાં ત્યાંની અંગ્રેજ સરકારે ત્યાંના હિન્દવાસીઓ પર જાતજાતના અત્યાચાર કર્યા હતા. તેની સામે સત્યાગ્રહ કરીને, અંગ્રેજોને નમાવીને 1915માં ગાંધીજી દેશમાં આવ્યા. અહીં આવીને એમણે ગુજરાતના ખેડા જિલ્લામાં, તથા બિહારના ચંપારણ જિલ્લામાં, ખેડૂતો પર સરકારે સારો પાક ન ઊતર્યો હોવા છતાં કમરતોડ મહેસૂલ વધાર્યું હતું તેના વિરોધમાં ખેડૂતો પાસે સત્યાગ્રહ કરાવ્યો. જેને

લીધે મહેસૂલ વધારો પાછો લેવાની સરકારને ફરજ પડી.

અમદાવાદમાં મિલમાલિકોએ મજૂરોની રોજીમાં વધારો કરવાની ના પાડતાં ગાંધીજીએ મજૂરોને એકઠા કરીને મજૂર મહાજનની સ્થાપના કરી. મિલમાલિકો સાથે વાટાઘાટ કરી, પણ મિલમાલિકો માન્યા નહિ ત્યારે મજૂરો પાસે હડતાલ પડાવી. એ આપણા દેશમાં મોટા કારખાનામાં પહેલી હડતાલ હતી. આખરે સત્યાગ્રહીઓની જીત થઈ. મિલમાલિકોએ મજૂરોની માગણી સ્વીકારી.

1919માં પંજાબમાં સરકારે રૉલેટ કાયદો જાહેર કર્યો. એ કાયદા પ્રમાણે ગમે તે માણસને, ગમે ત્યારે પકડી શકાય; અને કેસ ચલાવ્યા વિના ગમે તેટલી વખત જેલમાં રાખી શકાય. પંજાબના લોકોએ એ કાયદાનો સખત વિરોધ કર્યો. અમૃતસરના જલિયાંવાલા બાગમાં 13મી એપ્રિલે, જાહેરસભા મળી હતી તેમાં હજારો લોકો હતા. અંગ્રેજ સરકારના લશ્કરે ચારે બાજુથી લોકોને ઘેરી લીધા, બંદૂકોમાંથી ધડાધડ



ગોળીઓ છોડવા માંડી. ગોળીઓ ખૂટી, ત્યારે એક હજાર ઉપરાંત માણસો મર્યા અને હજારો ઘાયલ થયા. ગાંધીજી જાતતપાસ માટે ત્યાં ગયા, ત્યારે રસ્તામાં ગાંધીજીને રોકીને પાછા મુંબઈ મોકલી દીધા. ગાંધીજીએ ત્રણ ચાર વર્ષમાં લોકોનાં મન જીતી લીધાં હતાં. એમણે સરકારની સામે અસહકારની લડાઈ શરૂ કરી.

એ લડાઈના કાર્યક્રમમાં પરદેશી માલનો બહિષ્કાર તથા સરકારને કોઈ પણ જાતનો સહકાર ન આપવો, સરકારી નિશાળો તથા કોલેજો વિદ્યાર્થીઓએ છોડી દેવી. વકીલોએ વકીલાત છોડવી. સરકારી નોકરોએ રાજીનામાં આપવાં, રાષ્ટ્રીય શાળા તથા કોલેજોની સ્થાપના, ખાદીનો પ્રચાર એ બધું હતું. ઘણા ઊંચા હોદ્દાના સરકારી નોકરોએ રાજીનામાં આપ્યાં. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરૂના પિતા મોતીલાલ નહેરુ, બંગાળના દેશબંધુ દાસ, મદ્રાસના ચક્રવર્તી રાજગોપાલાચારી, બિહારના બાબુ રાજેન્દ્ર પ્રસાદ વગેરે હતા. સરકારના કાયદાનો ભંગ કરવા માટે ઘણાબધા લોકોને રાજદ્રોહના ગુના હેઠળ જેલમાં પૂર્યા.

દેશના એકેએક ભાગમાંથી લોકો સત્યાગ્રહમાં જોડાયાંને જેલમાં ગયા. લોકો એટલા બધા ઉશ્કેરાયા હતા કે બિહારના ચૌરીચોરા ગામમાં લોકોએ પોલીસ થાણું સળગાવ્યું. તેમાં બાવીસ પોલીસો બળી ગયા. ગાંધીજીની લડાઈ સત્ય અને અહિંસાની લડાઈ હતી. એમાં આ હિંસા થવાથી ગાંધીજીએ લડાઈ બંધ કરી. સરકારે ગાંધીજીને પકડયા, રાજદ્રોહ કરવા બદલ એમને 6 વર્ષની જેલની સજા કરી. ચુકાદો આપતા ગોરા જજે કહ્યું : "જો કોઈ પણ કારણસર સરકાર તમને વહેલા છોડી મૂકે, તો હું ખૂબ રાજી થઈશ." આ રીતે ગાંધીજીએ અહિંસાના 'હથિયાર' વડે લડાઈ કરી. હથિયાર વિના, દુશ્મન જોડે લડી તેની માણસાઈ શી રીતે જગાડી શકાય તે દુનિયાને બતાવી આપ્યું.

1930માં કોંગ્રેસે લાહોર અધિવેશનમાં ઠરાવ કર્યો કે એને સંપૂર્ણ આઝાદી કરતાં ઓછું કશું ન ખપે. આઝાદી માટે સરકાર જોડે લડાઈ

કરવાની, ને જોઈતાં પગલાં લેવાની સત્તા ગાંધીજીને સોંપી.

ગાંધીજીએ લડત શરૂ કરતાં પહેલાં સરકારને કાગળ લખ્યો. જનતાની કમર ભાંગી નાંખે એવા કરના ભાર વિશેના બાર મુદ્દા એ કાગળમાં જણાવ્યા. સરકારની દાનત જો સાફ હોય તો એને વિષે વાટાઘાટ કરવાની પોતાની તૈયારી બતાવી. એમાં એક અગત્યનો મુદ્દો હતો મીઠા પરના કરનો. ગરીબોના રોજના વપરાશ માટેનું મીઠું તો દરિયાકિનારા પરથી સહેલાઈથી ઉપાડી શકાય, અથવા દરિયાનું પાણી ઉકાળીને મેળવી શકાય. એમણે મીઠાનો કર નાબૂદ કરવા કહ્યું, ને મીઠું પકવવાની છૂટ આપવા જણાવ્યું. સરકારે ચોખ્ખી ના પાડી દીધી એથી લડત માટેનો માર્ગ મોકળો થયો.

ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરીને લડતની શરૂઆત કરવાનો નિર્ણય લીધો. એમણે જાતે 79સત્યાગ્રહીઓ પસંદ કરેલા. એમની સાથે સાબરમતી આશ્રમ, અમદાવાદથી 200માઈલ દૂર દરિયાકિનારે આવેલા દાંડી ગામ સુધીની પદયાત્રા કરી. રસ્તામાં જે ગામમાં વિસામો લેતા અથવા રાતવાસો કરતા ત્યાં લોકોને આવનારી લડત વિષે સમજણ આપતા. લડત જોરશોરથી ચાલે તે માટે જનતાને તૈયાર કરતા. જ્યાં જતા ત્યાં આસપાસના ગામોમાંથી પણ લોકો ઉભરાતા. ત્રણ અઠવાડિયાં પછી એ દાંડી પહોંચ્યા. દરિયાકિનારેથી દરિયાનું પાણી સુકાઈને તૈયાર થયેલું મીઠું એમણે ઉપાડયું. કાયદાભંગની શરૂઆત કરી. દેશની જનતાને સરકારી કાયદાનો ભંગ કરવાનો આદેશ આપ્યો. તરત જ આખા દેશમાં મીઠું ઉપાડવાની, દરિયાનાં પાણીને ઉકાળીને મીઠું પકવવાની જાણે હરિફાઈ ચાલી.

પહાડી પ્રદેશોમાં અને જંગલમાં વસતી પ્રજાએ જંગલના કાયદા તોડયા. ખેડૂતોએ મહેસૂલ ન આપ્યું. મીઠાના અગરો પર હુમલા થયા. વિદેશી કાપડની હોળી થઈ. વિદેશી કાપડની દુકાનો પર બહેનોએ 'પિકેટીંગ' કર્યું. દારૂની દુકાનો પર પણ બહેનો ચોકી કરવા લાગી. આ લડાઈમાં પૈસાદાર અને ગરીબ, ભણેલીને અભણ, બહેનોએ આગળ

પડતો ભાગ ભજવ્યો.

આ સત્યાગ્રહથી વિરોધીઓનાં કઠણ હૃદય પણ ઓગળી ગયાં. લોકજીવ મેઘાણીને રાજદ્રોહના ગુના માટે સજા કરનાર મેજીસ્ટ્રેટે પૂછયું, “તમારે તમારા બચાવમાં કંઈ કહેવું છે?” મેઘાણીએ એક ગીત ગાવાની રજા માગી. મંજૂરી મળતાં એમણે ગીત ગાયું :

“નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.”

ગીત સાંભળતાં મેજીસ્ટ્રેટની આંખમાં આંસુ આવ્યાં. એ એટલા હાલી ઉઠેલા કે ચુકાદો આપતાં એમણે કહ્યું : “હવે મારે બે કામ કરવાનાં છે. પહેલું તો તમે કરેલા ગુના માટે તમને બે વર્ષની કેદની સજા કરવામાં આવે છે, બીજું જે દેશની સરકારમાં દેશપ્રેમને ગુનો ગણવામાં આવે અને તેને માટે સજા કરવી પડે તે સરકારમાંથી હું રાજીનામું આપું છું. આખરે મને પણ મારા દેશ માટે પ્રેમ છે.” હૃદયપલટાના આવા અનેક દાખલા છે.



1939માં જર્મની અને ઇંગ્લૅંડ વચ્ચે લડાઈની જાહેરાત થઈ. અંગ્રેજોએ એમના તાબાના દેશોના માણસોને પૂછયાગાછયા વગર એ દેશોને લડાઈમાં સંડોવ્યા.

અંગ્રેજોએ દુનિયામાં એમ જાહેર કરેલું કે હિન્દુસ્તાન રાજીખુશીથી લડાઈમાં જોડાયું છે. અંગ્રેજોના એ જુઠાણાંનો રદિયો આપવો જોઈએ એમ ગાંધીજીને લાગ્યું. પણ મોટા પાયા પર સત્યાગ્રહ શરૂ કરીને અંગ્રેજોને વધારે મુશ્કેલીમાં મૂકવાનું એમને ઠીક ન લાગ્યું. તેથી એમણે એક નવો માર્ગ ખોળી કાઢયો. ગાંધીજીએ પસંદ કરેલો એક સત્યાગ્રહી પોતે યુદ્ધવિરોધી પોકારો કરવાનો છે એવી સરકારને ખબર આપે. સમય અને જગા પણ જણાવે. એકી વખતે એક જ જણ સત્યાગ્રહ કરવાનો હોવાથી એને એમણે 'વ્યક્તિગત સત્યાગ્રહ' નામ આપ્યું. આ માટે પહેલા સત્યાગ્રહી તરીકે સંત વિનોબાની પસંદગી થઈ. આ સત્યાગ્રહ દોઢ વર્ષ સુધી (1940ના ઓક્ટોબર મહિનાથી તો 1942ના માર્ચ મહિના સુધી) ચાલ્યો. હજારો સત્યાગ્રહીઓ જેલમાં ગયા.

લડાઈની પરિસ્થિતિ વણસતી ચાલી. જર્મનીએ એક પછી એક દેશો જીતવા માંડયા. અંગ્રેજો સામેની લડાઈમાં જાપાન પણ જોડાયું. જાપાને પણ આપણી આસપાસના દેશો જીતવા માંડયા. જાપાને હુમલો કર્યો. ત્યારે અંગ્રેજો લડવાને બદલે એ દેશમાંથી ભાગવા માંડ્યા. એટલું જ નહિ, પણ દુશ્મનોના હાથમાં અનાજ ન જાય તે માટે અન્નના ભંડારોમાં આગ ચાંપતા ગયા. ખેતરોમાં ઊભા પાકને સળગાવતા ગયા. એમણે એટલો વિચાર પણ ન કર્યો કે એથી દેશના લોકોના મોઢાંમાંથી પણ અનાજ ઝૂંટવાઈ જશે.

એવામાં જાપાને કલકત્તા શહેર પર અને દક્ષિણના વિશાખાપટ્ટનમ પર બૉંબ ફેંક્યા. સરહદના પ્રદેશોમાંથી લોકોની નાસભાગ શરૂ થઈ. પછી તો મોટાં મોટાં શહેરોમાંથી પણ લોકોનાં ધાડાં શહેર છોડીને જવા માંડયા.

આ પરિસ્થિતિમાં ગાંધીજીને લાગ્યું કે જો આપણા દેશ પર જાપાન

હુમલો કરે તો અંગ્રેજો કંઈ આપણું રક્ષણ કરી શકવાના નથી. એ તો નાસી છૂટશે અને જતાં જતાં આપણા અન્નભંડારો તથા ખેતરોમાં આગ ચાંપતા જશે. આપણું રક્ષણ આપણે જ કરવું પડશે. એ લોકો જ્યાં સુધી અહીં હશે ત્યાં સુધી આપણને નડતર થશે. તેથી એમણે અંગ્રેજોને કહ્યું : "હિન્દ છોડીને ચાલ્યા જાઓ. અમે અમારું ફોડી લઈશું."

અંગ્રેજો એમ કંઈ દેશ છોડીને જવાના નહોતા. તેમને ન છૂટકે જવું પડે એવું વાતાવરણ તૈયાર કરવાની જરૂર હતી.

અંગ્રેજોની દશા પણ બહુ ખરાબ હતી. દુશ્મનોની ઉપરાઉપરી થતી જીતને લીધે એમને આપણા દેશની મદદ જોઈતી હતી. એમણે દેશના નેતાઓ જોડે વાટાઘાટ કરવા ઊંચા હોદ્દાના માણસો મોકલ્યા. લડાઈ પૂરી થયા પછી થોડા વધારે હકો આપવાની વાત લઈને એ લોકો આવ્યા હતા. ગાંધીજીએ એમને તરત જ પારખી લીધા. એમણે કહ્યું : "આ તો ખોટો રૂપિયો છે." વાટાઘાટ પડી ભાંગી. ગાંધીજીએ બુલંદ અવાજે કહ્યું : "હિન્દ છોડો."

'હિન્દ છોડો'નો સંગ્રામ શરૂ કરવા માટે મંજૂરી લેવા મુંબઈમાં કૉંગ્રેસની બેઠક બોલાવવામાં આવી. એમાં અંગ્રેજોને અહીંથી ભગાડવા માટે લડત શરૂ કરવાનો ઠરાવ થયો. એ સભામાં આખા દેશમાંથી જે લોકો આવ્યા હતા, તે ચર્ચા કરવા માટે નહિ પણ, જીવ સટોસટની લડાઈ લડવા માટે પૂરી તેયારી કરીને આવ્યા હતા. એ સભામાં ભાષણ આપતાં સરદાર વલ્લભભાઈએ અંગ્રેજો બધેથી હારતા હતા તેમની ઠેકડી ઉડાવી. 'હિન્દ છોડો'ની લડાઈમાં સામેલ થવા હાકલ કરી એમણે જણાવ્યું : "આ લડાઈ ટૂંકી હશે તથા ઝડપી પણ હશે. આ લડાઈ જેલ ભરોની લડાઈ નહિ હોય. આ વખતે એવું નહિ હોય કે તમે વર્ષ–બે વર્ષ જેલમાં બેઠા રહો ને બહાર શું બને છે તે વિષે વિચાર સરખો ન કરો"

ગાંધીજીએ એમના ભાષણમાં જણાવ્યું કે એ સરકાર મને છૂટો

રાખશે તો હું 'જેલભરો'ના કાર્યક્રમને દૂર રાખીશ. જો સરકાર એમને તથા કોંગ્રેસના નેતાઓને પકડે તો દોરવણીની રાહ જોયા વિના દરેક જણે પોતાને સૂઝે તે રીતે લડાઈને આગળ ધપાવવી. દરેક જણ પોતાનો નેતા હશે. દરેક હિન્દવાસી માને કે પોતે આઝાદ દેશનો રહેવાસી છે, અને એની ફરજ અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવાની છે. એમણે દરેકને 'કરેંગે યા મરેંગે'નો મંત્ર આપ્યો.

સભા પૂરી થયાં પછી ગાંધીજીએ મહાદેવભાઈને કહ્યું : "આ વખતે સરકારને હું મારી જોડે ઉંદર-બિલાડીની રમત નહિ રમવા દઉં. જો મને પકડીને જેલમાં પૂરવાની ભૂલ સરકાર કરશે તો હું જેલમાં પહોંચતાંવેંત જ ઉપવાસ કરીશ."

ગાંધીજીએ મળસ્કે ઊઠીને બધાંને ભેગાં કરીને પ્રાર્થના કરી. ત્યાં જ પોલીસ એમને પકડવા આવી પહોંચી. ગાંધીજી જાણવા માગતા હતા કે કોને કોને પકડવાનાં વોરંટ છે? ગાંધીજી, મહાદેવભાઈ અને ગાંધીજીની અંગ્રેજ શિષ્યા મીરાબેન એ ત્રણેને પકડવાનો હુકમ હતો. કસ્તુરબા માટેના હુકમમાં એમને ગાંધીજી જોડે જવાની છૂટ હતી. ગાંધીજીએ કસ્તુરબાને કહ્યું : "તારા નામનું વોરંટ નથી, પણ તારે મારી સાથે આવવું હોય તો આવવાની સરકારે છૂટ આપી છે. તારી ઇચ્છા હોય તેમ કર. મને પૂછતી હોય તો હું કહું કે તારે એક સત્યાગ્રહી તરીકે લડતાં લડતાં જ પકડાવું જોઈએ. આજે સાંજે સભા છે. ત્યાં તું જશે એટલે તને પકડશે જ."


કસ્તુરબાએ સભામાં જઈને પકડાવાનું નક્કી કર્યું.

સાંજે એ સભામાં ગયાં ને ત્યાં એમને પકડી લીધાં. આ રીતે જંગની શરૂઆત થઈ.

બપોર સુધીમાં ગાંધીજીના ભાષણની હજારો નકલો વહેંચવામાં આવી. સરકારના નોકરો પણ એવા દેશપ્રેમી હતા કે ગાંધીજી તથા નેતાઓને પકડવાના છે એવા સમાચાર રાતનાજ પહોંચાડી દીધેલા. સવાર પડતાં જ ગાંધીજી અને નેતાઓની ધરપકડના સમાચાર દેશના

ખૂણેખૂણામાં પહોંચી ગયા. અંગ્રેજી રાજનું સિંહાસન ડોલવા માંડયું. લોકોનો સરકાર સામે ગુસ્સો ભભૂકી ઊઠયો.

મુંબઈમાં સમાચાર મળતાં જ લોકો ઘરમાંથી બહાર નીકળી પડયાં. રસ્તા પર જતી, ટ્રામ, બસ, મોટરો, રેલગાડી વગેરે વાહનો અટકાવી દીધાં. રસ્તામાં અંતરાયો મૂકી દીધા. ટેક્ષી તથા ઘોડાગાડીવાળાઓએ પણ હડતાલ પાડી. વાહનવ્યવહાર બંધ થવાથી સરકારી કામકાજ ઠપ થઈ ગયું. ઠેરઠેર ઝંડા લઈને 'કરેંગે યા મરેંગે', 'અંગ્રેજો હિન્દ છોડો', 'મહાત્મા ગાંધી કી જય'ના પોકારો કરતા લોકોનાં સરઘસો નીકળવા



લાગ્યાં. પોલીસના માણસો ડઘાઈ ગયા હતા. કંઈ કરવા જાય તો લોકો એમની પર હુમલો કરે. લોકો એમની બંદૂકો છીનવી લે તો શું થાય? લોકો પોલીસથી ડરે તેને બદલે પોલીસ લોકોથી ડરતી હતી!

દાદર સ્ટેશન પરથી જતી રેલગાડીને રોકવા માટે ઝનૂને ચઢેલા ટોળાએ ગાડી તરફ ધસારો કર્યો. પોલીસે બંદૂકમાંથી ધડાધડ ગોળીઓ છોડવા માંડી. બેત્રણ જણ ગોળીથી વીંધાઈને ઘાયલ થઈ ગયા. એકાદ બે જણ મર્યા એવી લોકોમાં વાતો ચાલી. આમ છતાં લોકો વિખરાયા નહિ. સ્ટેશનની અંદરથી અને બહાર 'કરેંગે યા મરેંગે', 'અંગ્રેજો ભાગો'ના પોકારો જોરશોરથી થતા હતા. નાનાં બાળકો પણ ઉત્સાહમાં આવી ગયા હતાં. વાહનોને રોકવા રસ્તા વચ્ચે પથ્થર, લાકડાં, ડબ્બા વગેરે મૂકતાં ને પોલીસ આવે એટલે સંતાઈ જતાં.

કેટલાક વધારે સાહસ કરીને ટપાલ કચેરી ઉઘાડી હોય તો ત્યાં પથ્થર તથા સળગતા કાકડા ફેંકવા લાગ્યા. ટેલિફોનનાં તથા તારનાં દોરડાં કાપવા લાગ્યા. પોલીસને ટોળાં પર ગોળીબાર કરવાનો હુકમ થયો. મુંબઈમાં એ બે દિવસમાં 40વાર ગોળીબાર થયો. ને 70વીરોએ પ્રાણનાં બલિદાન આપ્યાં. બધા અંગ્રેજો ગભરાઈને ઘરમાં સંતાઈ રહ્યા હતા. અંગ્રેજોનાં છાપાંની ઓફિસ પર પણ લોકોએ હુમલો કર્યો અને આગ લગાડી.

દિલ્હીમાં ગાંધીજી પકડાયા કે તરત જ ભીંતો પર પત્રિકાઓ ચોંટાડાઈ ગઈ હતી. દિલ્હીના મુખ્ય નેતાઓમાં અરૂણા અસફઅલીને પહેલેથી ખાનગી રીતે ખબર પડેલી એટલે એ તરત સંતાઈ ગયાં. એમને જેલની બહાર રહીને લડાઈનો દોરીસંચાર કરવો હતો. એમના નજીકના સાથી મનુભાઈ શાહ, જેમણે દિલ્હીની બહુ મોટી મિલની ઊંચામાં ઊંચી નોકરીમાંથી રાજીનામું આપી લડતમાં ઝંપલાવ્યું હતું. તેમની મારફત પાછળ રહીને અરૂણા લડત ચલાવતાં હતાં. મનુભાઈની આગેવાની નીચે એક વિરાટ સરઘસ સરકારની વિરૂદ્ધ પોકારો કરતું નીકળ્યું. બસ, મોટર, ટ્રામ બધાં વાહનો હડતાલ પર ઊતર્યાં હતાં.

મનુભાઈ ઝંડો લઈને ચાલતા હતા.

રસ્તામાં એકલદોકલ કોઈ મોટર જતી હોય, તે જો દાક્તરની હોય, કે કોઈ દર્દીને લઈ જતી હોય તો જવા દેવામાં આવતી. સરઘસ કોલેજના વિસ્તારમાંથી પસાર થયું ત્યારે કોલેજના છોકરાં-છોકરીઓ એમાં ભળ્યાં. પોલીસે રોકટોક કરી નહિ. સરઘસ શહેરના મુખ્ય બજાર ચાંદની ચોક પાસે આવ્યું ત્યારે પોલીસના વડા અમલદારે સરઘસને વિખરાઈ જવા જણાવ્યું. સરઘસમાંના લોકોએ એની પરવા ન કરી. ગોળીબારનો હુકમ થયો. ગોળીઓ છૂટવા લાગી. લોકો ઢળતા ગયા. આમ છતાં ઉશ્કેરાટ એટલો કે એમણે પોલીસ થાણા પર હુમલો કર્યો. પોલીસનાં હથિયાર છીનવ્યાં ને એમને માર્યા. પહેલા બે દિવસમાં દિલ્હીમાં 46 વાર ગોળીબાર થયો. અને 75 જણાનાં બલિદાન લેવાયાં.

દિલ્હીના સત્યાગ્રહીઓએ એક નવો પ્રયોગ કર્યો. જે રસ્તા પર અંગ્રેજોનાં નામનાં પાટિયાં હતાં તે ઉખેડીને બાળી નાંખ્યાં. આવાં હજારો પાટિયાંનો નાશ કર્યો, એટલું જ નહિ, પણ એની જગ્યાએ મહાત્મા ગાંધી માર્ગ, સરદાર પટેલ માર્ગ, પંડિત નહેરૂ માર્ગનાં હિન્દીમાં લખેલાં પાટિયાં લગાવ્યાં.

શહેરના રેડિયો કેન્દ્ર પર લોકોએ હુમલો કર્યો અને યંત્રો તોડીફોડી અંગ્રેજ રેડિયોને મૂંગો કરી દીધો.

અમદાવાદમાં નેતાઓની ધરપકડના સમાચાર મળતાં સંપૂર્ણ હડતાલ પડી. લોકોનાં ટોળાં રસ્તા પર ઘૂમવા લાગ્યાં, કોલેજના વિદ્યાર્થીઓનું એક સરઘસ સરકારની કચેરીઓ તરફ આગળ વધ્યું. વિનોદ કિનારીવાળા નામનો વિદ્યાર્થી હાથમાં ઝંડો લઈને આગળ ચાલતો હતો. સરઘસના માણસો સરકાર વિરોધી પોકાર કરતા હતા. ત્યાં પોલીસનું ધાડું સામે આવ્યું, સરઘસને વિખેરાઈ જવાનો હુકમ થયો, વિદ્યાર્થીઓએ જોરશોરથી "અંગ્રેજો ચાલ્યા જાઓ" "અમે આઝાદ છીએ" એવા પોકારો કર્યા. વિનોદ ઉપર લાઠી વીંઝાઈ. એણે ધ્વજ એની પાછળના સાથીને આપ્યો. એ આગળ વધ્યો. પોલીસે ગોળી છોડી એને

ઠાર કર્યો. અમદાવાદનું એ પહેલે દિવસે પહેલું બલિદાન હતું. લોકોએ ત્યાં જ શોકસભા ભરી. એમાં લડત વધુ જોશથી ચલાવવાની પ્રતિજ્ઞા લેવાઈ. એની સ્મશાનયાત્રામાં હજારો લોકો ગયા.

બિહારમાં ગંગાકિનારે આવેલા પટણા શહેરમાં લોકો ખૂબ આકળા બની ગયા હતા. ગલીએ ગલીએ સરઘસ નીકળ્યાં. મોટામાં મોટું સરઘસ વિદ્યાર્થીઓનું હતું. સરઘસ આગળ વધતું હતું. ત્યાં મુંબઈ, અમદાવાદ, પૂના, કરાંચી વગેરે શહેરોમાં સરઘસ પર ગોળીબાર થયો એ સમાચારો આવ્યા. રસ્તામાં ઠેરઠેર શબો પડયાં છે એમ કોઈએ કહ્યું. આથી તો બળતામાં ઘી ઉમેરાયું. એ સરઘસમાં લગભગ પંદરેક હજાર માણસો હતા. એ બધા સરકારી કચેરીઓ પર હલ્લો કરી તેનો કબજો કરવા આગળ વધ્યા. લોકોને અટકાવવા પોલીસે ગોળી છોડી. સાત વિદ્યાર્થીઓ ઠાર થયા. બીજા ઘણા ગંભીર રીતે ઘવાયા. પણ લોકો વિખેરાયા નહિ. નાસભાગ પણ કરી નહીં. મધરાતે સાત શહીદોને સરઘસમાં ફેરવવામાં આવ્યા. મોડી રાત હતી છતાં શબો પર ફૂલોનો વરસાદ વરસતો હતો. બીજે દિવસે શહેરમાં સંપૂર્ણ હડતાલ પડી. લોકોએ અંગ્રેજી રાજ્યનાં બધાં ચિહ્નો ભૂંસી નાંખ્યાં. પોલીસ ચોકીઓ અને સરકારી કચેરીઓનો કબ્જો કર્યો. સરકારી કર્મચારીઓ શરણે થયા. ત્યાં જનતારાજ સ્થપાયું.

કાશી વિદ્યાપીઠ તો લડાઈ માટે અગાઉથી જ પૂરતી તૈયારીઓ કરી હતી. કૌશલ્યાનંદ ગૈરાલા, અસરાની, રાધેશ્યામ શર્મા અને મુકુટબિહારી લાલ એ ચાર પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને લડત વિષેની તાલીમ આપી હતી તથા લડત કેમ ચલાવવી તે સમજાવ્યું હતું. લડત શરૂ થાય એને વિદ્યાપીઠ બંધ કરી દેવી, તથા વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ લડાઈમાં જોડાઈ જવું. જવાહરલાલ નહેરૂ તથા કોંગ્રેસના નેતા સંપૂર્ણાનંદે લડાઈની શરૂઆત શી રીતે કરવી તે સમજાવ્યું હતું એટલે સરઘસ કાઢવાને બદલે વિદ્યાર્થીઓએ વિદ્યાપીઠની કોંગ્રેસ સમિતિ રચી. વિદ્યાપીઠના બધા દરવાજા બંધ કરી દીધા. પછી જાહેર કર્યું કે

વિદ્યાપીઠની જમીન આઝાદ હિન્દુસ્તાનની જમીન છે. બધાં અંગ્રેજી પાટિયાં ઉખાડીને ફગાવી દીધાં તથા સ્વતંત્ર હિન્દુસ્તાનનાં હિન્દી પાટિયાં લગાવી દીધાં. વિદ્યાર્થીઓએ પોતે સ્વતંત્ર દેશના સૈનિકો છે એમ જાહેર કર્યું. એક પ્રોફેસરને સેનાપતિ તરીકે જાહેર કરાયા.

તે રાત્રે અંગ્રેજ સરકારના લશ્કરના માણસો આવ્યા અને વિદ્યાર્થીઓ તથા કેટલાક પ્રોફેસરોને પકડી ગયા. પેલા વિદ્યાર્થીઓને તાલીમ આપનારા પ્રોફેસરો તો સંતાયા હતા એટલે પકડાયા નહિ. વિદ્યાપીઠ કોંગ્રેસ સમિતિએ સરકાર સામે યુદ્ધ જાહેર કર્યું. હજારો નાગરિકોએ સૈનિકો તરીકે નામ નોંધાવ્યાં. કલેક્ટરે વિદ્યાપીઠનો કબ્જો લઈ લેવાની ધમકી આપી. તેના વિરોધમાં વિદ્યાપીઠના કર્તાહર્તાઓએ વિદ્યાપીઠ બંધ કરી. વિદ્યાર્થીઓને પોતાપોતાને ગામ લડત ચલાવવા મોકલ્યા. કાશી શહેરમાં સભાઓ ભરાઈ ને સરઘસો નીકળ્યાં. પોલીસ ચોકી પર હુમલા થયા. કોર્ટ આગળ પિકેટીંગ થયું. પહેલા ત્રણ દિવસમાં બાર જણ ગોળીથી માર્યા ગયા.

મદ્રાસ પાસેના કોઈમ્બતુર ગામમાં કાપડની મિલો લશ્કરના પોશાકનું કપડું તૈયાર કરતી હતી. ત્યાં સંપૂર્ણ હડતાલ પડી અને લશ્કરના કપડાનું ઉત્પાદન અટકી ગયું.

મદ્રાસ શહેરમાં નેતાઓની ધરપકડના સમાચાર મળતાં સંપૂર્ણ હડતાલ પડી. બહેનોનું માટું સરઘસ નીકળ્યું. એ લોકોએ સરકારની બધી કચેરીઓમાં હડતાલ પડાવી. હાઈકોર્ટ પર પિકેટીંગ કર્યું. હાઈકોર્ટ બંધ કરાવી. બધી નીચલી કોર્ટ પણ બંધ કરાવી. બહેનોનું સરઘસ હતું, એટલે પોલીસ મારપીટ કરી શકી નહિ કે ગોળી ચલાવી શકી નહિ. સ્ત્રી-પોલીસ ઓછી હોવાથી સરઘસને અટકાવી શકાયું નહિ. એ સરઘસની બહેનોએ સાત સરકારી કર્મચારીઓનાં રાજીનામાં લીધેલાં.

આવી સરકારવિરોધી ચળવળમાં કલકત્તા મોખરે જ હોય. સંપૂર્ણ હડતાલ તો હતી જ. લોકોએ ટ્રામ-બસમાં બેઠેલા લોકોને નીચે ઊતરી જવા કહ્યું, ને પછી બસો તથા ટ્રામોમાં આગ ચાંપી. પોલીસ આવી,

તેમની બંદૂકો છીનવી લેવાઈ. પોલીસના માણસો ગભરાઈને ભાગ્યા. સરકારે લશ્કર બોલાવ્યું. લશ્કર તોપો લઈને આવ્યું. પહેલા ત્રણ દિવસમાં 109 વાર તોપો ફૂટી અને ગોળીબાર થયા. સિત્તેર લોકો શહીદ થયા. પોલીસો પણ સારી પેઠે ઘવાયા. કલકત્તામાં પણ વિદ્યાર્થીઓ મોખરે હતા. અંગ્રેજો દિવસો સુધી ઘરમાં ભરાઈ રહેલા. લશ્કરના માણસો એમના ઘરની રખવાળી કરતા. રસ્તા પર ચાકથી અને ભીંતો પર કોલસાથી લશ્કરવિરોધી લખાણો લખાતાં. લશ્કર પર બૉંબ ફેંકાયા.

આમ પહેલા ત્રણચાર દિવસો તો આપણા દેશના એકેએક શહેરમાં અને ગામડામાં લોકોએ પોતાની જાતે જ જેમ સૂઝ્યું તેમ લડત ઉપાડી. ફક્ત એક જ ધૂન હતી કે અંગ્રેજોને ભગાડી મૂકવા.

કૉંગ્રેસના કેટલાક યુવાન નેતાઓએ પહેલેથી પાકે પાયે લડાઈની તૈયારી કરેલી. સરદાર વલ્લભભાઈએ પણ એમનાં ભાષણોમાં સરકાર સામેની લડાઈ વિષે ઈશારો કર્યો હતો. મુંબઈના નેતા યુસુફ મહેરઅલી, દિલ્હીનાં અરૂણા અસફઅલી. મહારાષ્ટ્રના અચ્યુત પટવર્ધન તથા શ્રીપાદ જોશી, કર્ણાટકના કમળાદેવી ચટ્ટોપાધ્યાય, અલ્હાબાદનાં સુચેતા કૃપલાની, ગુજરાતના છોટુભાઈ પુરાણી, કલકત્તાના ડૉ. રામમનોહર લોહિયા, બિહારના જયપ્રકાશ નારાયણ વગેરેએ સ્વયંસેવકોને તોડફોડ તથા છાપામારની તાલીમ આપી હતી. એમણે સરકારના કર્મચારીઓને જીતી લીધા હતા, એમની પાસેથી સરકારની ખાનગી પ્રવૃત્તિ વિષે પણ ખબર મળ્યા કરતી.

સંતાઈ ગયેલા નેતાઓએ અંદરોઅંદર સંતલસ કરીને લડાઈનો કાર્યક્રમ નક્કી કર્યો, તે વિષેની પત્રિકા બધી ભાષાઓમાં આખા દેશમાં વહેંચાઈ. એમાં તાર તથા ટેલિફોનનાં દોરડાં કાપવાનું, રેલગાડીના પાટા ઉખેડવાનું, ટપાલની વ્યવસ્થા ખોરવી નાંખવાનું, સરકારી નોકરીને રાજીનામાં આપવાની ફરજ પાડવાનું, પોલીસ થાણા પર હુમલો કરી હથિયાર છીનવવાનું, એમને લડતમાં સામેલ કરવાનું, અને સામેલ ન થાય તો કોટડીમાં બંધ કરવાનું, લશ્કર માટે સરસામાન તૈયાર કરતાં

કારખાનાંઓમાં હડતાલ પડાવવાનું તથા ભાંગફોડ કરાવવાનું, ખેડૂતો સરકારને અનાજ ન વેચે તે માટે ખેડૂતોનું સંગઠન કરવાનું, લશ્કરને જોઈતો માલસામાન ન પહોંચે તે માટે વાહનોનો વ્યવહાર ખોરવી નાંખવાનું એ બધું જણાવવામાં આવ્યું હતું. એટલું જ નહિ પણ "તોડફોડની બારાખડી" નામની છાપેલી પુસ્તિકા દેશભરમાં વહેંચવામાં આવી હતી. એમાં ચોખ્ખું જણાવ્યું હતું કે માણસોને જરાય ઈજા ન થવી જોઈએ.

જોકે આ કાર્યક્રમ એવો હતો કે એમાં માણસોના જીવનું જોખમ હતું. છતાં આ ચોપડી જો સરકારના હાથમાં જાય તો સરકાર એમ જ કહી શકે કે એમાં હિંસાને ઉત્તેજન આપવામાં આવેલું હતું. ગાંધીજીએ ભારપૂર્વક કહ્યું હતું કે "આ વખતની લડાઈ અહિંસક રહેવાની છે. છતાં એમાં જો હું છેતરાઉં તો પણ હું લડાઈ બંધ નહિ કરું." એટલું જ નહિ પણ જ્યારે લડાઈમાં ઘણા હિંસાના બનાવો બન્યા, ત્યારે સરકારે એક જાહેરનામું બહાર પાડયું. જેમાં હિંસાના દોષનો ટોપલો ગાંધીજીને માથે ઓઢાડયો હતો. તેના જવાબમાં ગાંધીજીએ એ હિંસાને માટે સરકારની રાક્ષસી હિંસાને જવાબદાર ગણાવી હતી. હિંસા માટે લોકોનો વાંક કાઢયો નહોતો.

ગાંધીજી જે 'હરિજન' નામનું અઠવાડિક ચલાવતા હતા તે ગાંધીજીના પકડાયા પછી ગાંધીજીના આશ્રમવાસી કિશોરલાલ મશરૂવાળા ચલાવતા હતા તેમણે 'હરિજન'માં લખ્યું : "આ 'હિન્દ છોડો'ની લડાઈમાં વાહનવ્યવહાર ખોરવી નાખવાની છૂટ છે. પણ એથી કોઈની જાનહાનિ ન થવી જોઈએ. હડતાલ એ સારામાં સારો ઉપાય છે પણ જો એમાં સફળતા ન મળે તો તાર-ટેલિફોનનાં દોરડાં કાપવાં, વિજળીના થાંભલા ઉખાડવા, રેલના પાટા ઉખેડવા, એ બધું કોઈના જાનને હાનિ ન થાય તે રીતે થઈ શકે. જો જાપાન આપણી પર હુમલો કરવાનું હોય તો અહિંસા જાળવીને આવી તોડફોડ કરી શકાય. એમાં જરાય શંકા નથી." આ રીતે લડતનો કાર્યક્રમ હિંસાને પોષે

એવો નહોતો.

ગાંધીજી પકડાયા ને તેના એક અઠવાડિયામાં જ રામના હનુમાન જેવા એમના અત્યંત વહાલા મહાદેવ દેસાઈને હૃદયનો હુમલો થયો ને એમનું મૃત્યુ થયું. લોકોમાં એવી વાયકા ફેલાઈ કે સરકારે એમને મારી નાખ્યા. સરકારે એમના અગ્નિસંસ્કાર જેલના ચોગાનમાં જ પતાવી દીધા એટલે આ એમની શંકા દૃઢ બની. એમની પત્ની તથા પુત્રને પણ બે દિવસ પછી ખબર આપી. આથી જનતાને લાગ્યું કે દાળમાં કંઈ કાળું છે. આ બનાવને લીધે લડતમાં વધુ વેગ આવ્યો.

દેશના મહાન યુવાન નેતા જયપ્રકાશ નારાયણને લડાઈ શરૂ થઈ તે પહેલાં જ બિહારની હજારીબાગ જેલમાં નજરકેદ રાખવામાં આવેલા. બહાર મરણિયો જંગ ખેલાતો હોય ત્યારે જેલમાં ગુપચુપ બેસી રહેવાનું એમને વસમું લાગ્યું. એમણે એમના બીજા ચાર સાથીઓ રામનંદન મિશ્ર, સૂરજ નારાયણ સિંહ, શાલિગ્રામ સિંહ તથા ગુલાબચંદ ગુપ્તની જોડે જેલમાંથી ભાગી જવાની યોજના ઘડી. જેલના બધા અધિકારીઓ દિવાળીની ઉજવણી કરતા હતા, ત્યારે એ એમના સાથીઓ જોડે જેલની દીવાલ કૂદીને ભાગ્યા અને દેશના જુદા જુદા ભાગોમાં વહેંચાઈ ગયા.

જયપ્રકાશ સંતાતા ફરતા નેતાઓને મળ્યા. ભાંગફોડની યોજના ઘડી. દેશમાં યુવાન સ્વયંસેવકોને છાપામારની, બૉંબ બનાવવાની, તોડફોડની જુદી જુદી રીતોની, હથિયારો વાપરવાની તાલીમ અપાઈ. જેને કારણે ભાંગફોડ મોટા પાયા પર થવા લાગી. અંગ્રેજના રાજની નિશાનીઓ પર હુમલા થવા લાગ્યા. જેમકે મુંબઈ, કલકત્તા, પૂના, અમદાવાદ, કાશી વગેરે જગ્યાએ રસ્તેથી કોઈ વિદેશી પોષાકમાં જતું હોય તો એની હૅટ, ટાઈ, વગેરે કાઢી લઈ તેની જાહેરમાં હોળી કરાતી. મુંબઈ તથા કલકત્તામાં અંગ્રેજ સૈનિકો સિનેમા જોવા જતા હોય તેવાં ચાર સિનેમાગૃહમાં બૉંબ મૂકાયા. બૉંબ ફાટતાં ચાર સૈનિકોનું મૃત્યુ થયું. કર્ણાટકમાં કમળાદેવી ચટ્ટોપાધ્યાયે બહેનોની છાપામાર ટૂકડી તૈયાર કરી

હતી. સરકારી કચેરીઓ પર હુમલા કરીને, જરૂર પડે તો હથિયારનો ઉપયોગ કરીને આ ટુકડી કચેરીઓનો કબજો લેતી.

બંગાળના સાંથાલ આદિવાસીઓએ તીરકામઠાંનો ઉપયોગ કરીને એમની જગ્યામાંથી સરકારને ઉઠાંતરી કરવાની ફરજ પાડી. મુંબઈમાં પરબીડિયામાં બોંબ મૂકી ટપાલપેટીમાં નાંખવામાં આવેલા ને એ રીતે ટપાલની વ્યવસ્થા ખોરવી નાંખવાનો પ્રયત્ન થયેલો.

બિહારમાં, ગુજરાતમાં તથા મહારાષ્ટ્રમાં જે સરકારી નોકરો, પોલીસના માણસો, સરકારી નોકરીમાંથી રાજીનામું ન આપે તેને ગામના અનાજના વેપારીઓ અનાજ ન આપે. ગામમાં સંપ એવો હતો કે પોલીસ મારફાડ કરી શકે નહિ. પોલીસ કરતાં ગામલોકોની સંખ્યા ઘણી વધારે હતી, એટલે પોલીસ કંઈ કરવા જાય તો એના જાનને જોખમ હતું. ફક્ત અનાજ જ નહિ, પણ ગામલોકોએ સરકારી નોકરી તથા પોલીસનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો. એ લોકો જાણે તદ્દન અજાણ્યા બની ગયા હતા. એમને ત્યાં કોઈ કામ કરવા જાય નહિ. એમનાં ખેતરો હોય તો ત્યાં મજૂરીએ કોઈ ન જાય. એમને ગાડાં ન મળે. કર્ણાટકના યેદ્વળી ગામમાં પોલીસપટેલના ઊભા પાકને ગામ લોકોએ બાળી મૂકેલો.

બિહારમાં રેલગાડીના પાટા ઉખેડીને તથા સ્ટેશનનો લોખંડનો સામાન લૂંટીને ગામના લુહારો ભાલા તથા ખંજર બનાવતા.

બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક તથા મદ્રાસના ખેડૂતોએ નક્કી કર્યું કે જો કુટુંબમાં સોળ વર્ષથી મોટી ઉંમરના એકથી વધારે પુરુષો હોય તો એક જણ સત્યાગ્રહમાં જોડાઈ જાય. જે ઘરમાં એક જ પુરુષ હોય તે સત્યાગ્રહમાં બીજી રીતે મદદ કરે. ત્યાંના ખેડૂતોએ, જમીન મહેસૂલ આપવાનું બંધ કર્યું. ગુજરાતના ખેડૂતોએ તો પહેલે દિવસથી મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા લીધેલી. બહિષ્કારનું હથિયાર એવું સફળ નીવડયું કે કેટલાય પોલીસો રાજીનામું આપીને સત્યાગ્રહમાં જોડાયા. શહેરમાંથી પોલીસની કુમક આવી શકે એમ હતું નહિ. કારણ કે રસ્તા ખોદી કાઢયા

હતા. વાહનો પણ આવી શકે એમ હતું નહિ.

12મી સપ્ટેમ્બરે કર્ણાટકમાં બેલગામની પાસે યેઓલી ગામમાં શહેરથી પોલીસની ટુકડી આવી ને ખેડૂતોને મારીને મહેસૂલના 2000 રૂપિયા વસુલ કર્યા. પાસેના ગામમાં આ સમાચાર પહોંચી ગયા, એટલે સત્યાગ્રહી ખેડૂતો હથિયાર લઈને આવ્યા. એ લગભગ 300 જેટલા હતા. એમણે આવીને પોલીસ પર હલ્લો કર્યો, બંદૂકો આંચકી લધી, ને તેમનાં મોઢાં કાળાં કરીને ગામમાં ફેરવ્યા. ઉઘરાવાયેલા પૈસા ખેડૂતોને પાછા આપી દીધા.

16મી સપ્ટેમ્બરે ગુજરાતનાં ચીખોદરા ગામમાં સત્યાગ્રહીઓને ખોખરા કરવા પોલીસદળ આવ્યું. ત્યાં ગામલોકોનું સરઘસ જતું હતું. આગળ એક બહેન ઝંડો લઈને જતી હતી. પોલીસે સરઘસને હુકમ કર્યો કે આગળ ન વધે. સરઘસ રોકાયું નહિ. પોલીસે ઝંડો લઈ જતી બહેનના હાથ પર લાઠી મારી. ઝંડો ઝૂંટવ્યો. ગામમાંથી કોઈએ લોકોને ખબર આપવા જોરજોરથી ઢોલ વગાડયો. પુરુષો તો સરઘસમાં હતા. ઢોલ વાગવાનો અવાજ સંભળાયો કે લગભગ 200 જેટલી બહેનો ધારિયાં તથા વાંસ લઈને આવી પહોંચી. એમને જોઈને પોલીસો ભાગવા માંડયા, તેમ છતાં થોડા પોલીસ ઝપટમાં આવી ગયા. બહેનોએ તેમને ઘાયલ કર્યા. ખાદીની ટોપી પહેરાવી સરઘસમાં સામેલ કર્યા. એટલું જ નહિ પણ એમની પાસે સરકારવિરોધી પોકારો પણ કરાવ્યા.

15મી સપ્ટેમ્બરે બેલગામ પાસે બિહરા આગળ લશ્કરને માટે અનાજ લઈ જતી માલગાડીના વીસ ડબ્બા સત્યાગ્રહીઓએ પાટા ઉખાડેલા હોવાથી ઉથલી પડયા. માલગાડી સાથે જે સૈનિકો ચોકી કરતા હતા તે જીવ લઈને ભાગ્યા. અનાજ આસપાસના ગામલોકોએ વહેંચી લીધું.

દિલ્હીમાં 10મી સપ્ટેમ્બરે અંગ્રેજોની દસ મોટી દુકાનો પર બૉંબ ફેંકાયા, પછી લોકોએ દુકાનોનો માલ લૂંટયો. 14મી સપ્ટેમ્બરે યમુના

INSTITUTE OF ... Acc. No. 130245

નદીના પુલ પર બૉંબ ફેંકાયા. પુલના ત્રણ થાંભલા તૂટ્યા. 10મી નવેમ્બરે રેલગાડીના પાટાઓ જોડતી પટ્ટીઓ ઉખાડી નાંખેલી હોવાથી રેલગાડી ઉથલી પડી.

મુંબઈમાં 3જી ઓક્ટોબરે મઝગામની પોલીસકોર્ટમાં બૉંબ ફાટયો. તે એટલો શક્તિશાળી હતો કે કોર્ટનું મકાન બળીને ખાખ થઈ ગયું. 15મી તથા 26મી ઓકટબરે મુંબઈની હાઈકોર્ટમાં વડા ન્યાયધીશ જ્યારે કેસ ચલાવતા હતા ત્યારે બે બૉંબ ફાટયા. ત્યાંના ત્રણ મોટા સરકારી વકીલોએ રાજીનામાં આપ્યાં. ત્યાં જ સાતમી ઓક્ટોબરે વળી ટપાલ કચેરી તથા બીજી પાંચ ટપાલ કચેરી પર બૉંબ ફેંકાયા.

બિહારમાં જમશેદપુર, તાતનગર વગેરે જે મોટાં લોખંડનાં કારખાનાં હતાં ત્યાં સંપૂર્ણ હડતાલ હતી. બે મહિના પછી કારખાનાં ઉઘાડવાનો પ્રયત્ન થયો ત્યારે વિદ્યાર્થીઓએ વારફરતી રાતદિવસ પિકેટીંગ કર્યું. જેને કારણે હડતાલ ચાલુ રહી.

કોંગ્રેસની બેઠકમાં 'હિન્દ છોડો' નો ઠરાવ પસાર થયો ત્યાં દસમી ઓગષ્ટે, અમદાવાદ તથા સુરતની સુધરાઈ (મ્યુનિસિપાલિટી)એ પણ ઠરાવ કરીને અંગ્રેજોને હિન્દ છોડી જવા કહ્યું. બધા કર્મચારીઓ હડતાલ પર ઊતર્યા. કલેક્ટર પાસે કચેરીના ચોગાનમાં ઝંડો ફરકાવવાની પરવાનગી માગી બન્ને જિલ્લા કલેક્ટરો એટલા ડરી ગયા હતા કે એમણે નાછૂટકે પરવાનગી આપી. સત્યાગ્રહીઓને આ જીતથી પોરસ ચડયું. બધા કર્મચારીઓ એ ઓફિસના ચોગાનમાં ઝંડો ફરકાવ્યો અને જાહેર કર્યું કે એ આઝાદ હિન્દના વતની છે.

અમદાવાદમાં ઓગષ્ટ મહિનામાં પોલીસ પર તેજાબના ગોળાઓ ફેંકાયા. અમદાવાદ પાસે નડિયાદ ગામમાં પોલીસ-ચોકી સળગાવાઈ. 19મી ઓગષ્ટે પોલીસથાણાંનો કબજો લીધો અને સ્વયંસેવકોએ પોલીસનું કામકાજ સંભાળ્યું.

સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદ શહેરમાં ગુપ્ત રીતે લોકરાજની સ્થાપના થઈ. જયંતિ ઠાકોરને જયાનંદ નામ આપીને શહેરના સૂબા

બનાવવામાં આવ્યા. ભરૂચ જિલ્લામાં પણ છોટુભાઈ પુરાણીએ તૈયાર કરેલા સ્વયંસેવકોએ 24 પોલીસ ચોકીઓ કબ્જે કરી. ચોકીનું કામકાજ ચલાવીને લોકોને ખ્યાલ આપ્યો કે સ્વરાજની પોલીસ ચોકીઓ કેવી હોય.

ઓગષ્ટ મહિનાની 20મી તારીખે લોકોનાં ટોળાંએ પટણાના સચિવાલય પર હુમલો કર્યો, અને વાહનવ્યવહાર ખોરવી નાંખ્યો. બે દિવસ પછી પટણા જવાના બધા રસ્તા બંધ કરવામાં આવ્યા. સરકારની ધૂંસરી લોકોએ સંભાળી લીધી. પટણા આવજા માટે બંધ થઈ ગયું હતું. 18મી ઓગષ્ટે લશ્કરનાં વિમાનોએ ઉપરથી બોંબમારો કર્યો, અને તોપો ચલાવી.

13મી સપ્ટેમ્બરે બિહારના આઝમગઢ જિલ્લાના મધુવનમાં પહેલેથી ગોઠવણ કર્યા પ્રમાણે હથિયારધારી સત્યાગ્રહીઓએ ત્રણ જુદી જુદી બાજુએથી આવી ગામને ઘેરી લીધું. એ સત્યાગ્રહીઓ એમની સાથે બે હાથીઓને પણ લઈ આવેલા. ગામની બધી સરકારી કચેરીઓ જરાય આનાકાની કર્યા વિના લોકોને સોંપી દેવાઈ. સરકારની કચેરીઓમાં આગ ચાંપવામાં આવી. ગામના લોકોને સરકારનું કામકાજ સંભાળી શકે એવા વિશ્વાસુ પાંચ માણસોને ચૂંટવા કહ્યું. ચૂંટણી થઈ. ચૂંટાયલા સભ્યોને સરકારનું કામ ચલાવવા કહ્યું. સરકાર દોઢ વર્ષ સુધી બહુ સારી રીતે ચાલી. લોકોની ફરિયાદનો તાબડતોબ નિકાલ થઈ જતો.

કોંગ્રેસના છુપાતા ફરતા નેતાઓ અચ્યુત પટવર્ધન, શ્રીપાદ જોશી, સાને ગુરૂજી, અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધે વગેરેએ મહારાષ્ટ્રના સાતારા, સોલાપુર તથા કોલાબા જિલ્લામાં ગ્રામજનોને, ખેડૂતોને હથિયારો વાપરતાં શીખવ્યું. સરકારી કચેરીઓનો કબજો શી રીતે લેવો અને સરકારનું કામકાજ કેવી રીતે ચલાવવું તે બે મહિના સુધી સમજાવ્યું. ખેડૂતો તૈયાર થયા ત્યારે ઓક્ટોબર મહિનામાં ખેડૂતોએ જ સરકારી કચેરીઓ પર એકસાથે હુમલો કર્યો. પણ સત્યાગ્રહીઓને આવતા જોઈ સરકારી કર્મચારીઓ ભાગી ગયા. કેટલાકે એમનું સ્વાગત પણ કર્યું. એ

રીતે સાતારા જિલ્લાનાં બધાં જ ગામોમાં તથા સોલાપુર, પૂના અને કોલાબા જિલ્લાનાં કેટલાંક ગામોમાં અંગ્રેજી રાજનું નામોનિશાન રહ્યું નહિ. જનતાનું રાજ સ્થપાયું. આ રાજ દોઢથી બે વર્ષ સુધી ચાલ્યું. ગામના લોકો જ પંચાયતને ચૂંટે અને દરેક કામકાજ લોકોને વિશ્વાસમાં લઈને જ કરવામાં આવે. લોકોની આ સરકારને એમણે પ્રતિસરકાર એટલે કે અંગ્રેજોની વિરોધી સરકાર એવું નામ આપેલું.

આવું જ ઑક્ટોબર માસમાં બંગાળના મેદિનીપુર જિલ્લામાં પણ બન્યું. ત્યાંના ગામડાંના લોકોએ અંગ્રેજ સરકારની કચેરીઓ તથા પોલીસ થાણાંઓનો કબજો લીધો. ગ્રામપંચાયતની ચૂંટણી કરીને તેને સત્તા સોંપી. ગ્રામજનોને અંગ્રેજ સરકારની સામે લડવાનું, હથિયાર વાપરવાનું તથા સરકાર શી રીતે ચલાવવી તેનું શિક્ષણ આપવા રવીન્દ્રનાથ ટાગોરે શરૂ કરેલી વિદ્યાપીઠ શાન્તિનિકેતનના વિદ્યાર્થીઓ આવેલા. વિદ્યાર્થીઓ લડતમાં ભાગ લઈ શકે તે માટે વિદ્યાપીઠ બંધ



કરવામાં આવેલી. આ વિદ્યાર્થીઓ સરકારનાં ધાડાંનેઆવતા અટકાવવા બૉંબનો છૂટથી ઉપયોગ કરતા આસપાસના આદિવાસી વિસ્તાર સાંથાલ પરગણામાંથી તીરકામઠાં વડે ધાર્યું નિશાન વીંધી શકે એવા બાણાવળીઓની ઘણી મદદ લેવામાં આવેલી. આ આદિવાસીઓએ પહેલાં પણ અવારનવાર બળવો કરીને અંગ્રેજ સરકારને હંફાવેલી. ગામડાંઓની ચોકી પણ આ આદિવાસીઓ જ કરતા. જિલ્લાનો વહીવટ પણ ગ્રામજનોએ દોઢેક વર્ષ સુધી કરેલો.

બંગાળ નદીઓનો પ્રદેશ છે. ત્યાં વાહનવ્યવહાર મોટેભાગે હોડીઓથી જ ચાલતો હોય છે. અંગ્રેજ સરકારને એવો ડર લાગેલો કે જો જાપાન હુમલો કરે અને હિન્દુસ્તાનને જીતી લે તો એ હોડીઓનો છૂટથી ઉપયોગ કરશે. તેમને એમ કરતા અટકાવવા માટે સરકારે બધી હોડીઓ જપ્ત કરીને સળગાવી દીધી. આને લીધે બંગાળ પર મોટું સંકટ આવ્યું. બંગાળમાં માલની આવજા અટકી ગઈ, અનાજની હેરફેર બંધ થઈ ગઈ. સરકારની અવળી બુદ્ધિ ને લીધે પડેલા દુકાળે બંગાળનો ભરડો લીધો. એ દુકાળ એવો ભયંકર હતો કે એમાં દસ લાખ માણસો હોમાઈ ગયા. આને લીધે બંગાળનો એક પણ માણસ સરકારની તરફેણ નહોતો કરતો. તેમાં વળી નીચલી કોર્ટે સત્યાગ્રહીઓને કરેલી સજા ઉપલી કોર્ટો રદ કરતી ગઈ. આથી મેદિનીપુરનું જનતારાજ બહુ સારી રીતે ચાલ્યું. એક પણ બંગાળી જનતારાજની સામે લડવા તૈયાર નહોતો. ઊલટું જનતારાજને દાબી દેવા અંગ્રેજ સરકારે મોકલેલા માણસો જનતાસરકારમાં ભળી જતા. છેવટે અંગ્રેજ સરકારે વિમાનમાંથી બૉંબ નાંખ્યા અને ગોળીઓ ચલાવી.

ગાંધીજીના સેવાગ્રામ આશ્રમની પાસેનાં ગામોમાં એમનાં આશ્રમવાસી તુકડોજી મહારાજે 'હિન્દ છોડો' લડતને જોરદાર બનાવવા લોકોને તૈયાર કર્યા. એમણે લોકોને સમજાવ્યું કે અંગ્રેજોનું રાજ હવે રહ્યું નથી. આપણે આઝાદ થઈ ગયા છીએ. અંગ્રેજ રાજની એક પણ નિશાની આપણા દેશમાં રહેવી ન જોઈએ. અંગ્રેજની

પોલીસનાં હથિયારો છીનવીને એમને લોકોને શરણે લાવવાના છે. તુકડોજી મહારાજ લોકોની સેવા કરતા રહેતા હોવાથી ખૂબ લોકપ્રિય હતા.

આશ્રમની પાસેના ચિમુર ગામમાં, લોકોએ પ્રભાતફેરી કાઢી, આગળ ઝંડો લઈને એક કાર્યકર્તા ચાલતો હતો. આખું ગામ પ્રભાતફેરીમાં જોડાયું હતું. લોકો ભજનો ગાતાં તેમ જ સરકાર વિરોધી પોકારો કરતાં હતાં. ત્યાંના પોલીસ અમલદારે લોકોને વિખરાવા કહ્યું અને વિખરાય નહિ તો ગોળી ચલાવવાની ધમકી આપી. લોકોએ એનો હુરિયો બોલાવ્યો. પોલીસોએ થોડા માણસોને પકડયા. લોકોએ પથ્થરોનો મારો ચલાવ્યો, અને પોલીસની ધડાધડ ગોળીઓ છૂટવા લાગી. સાત માણસો ત્યાં જ શહીદ થયા.

ગોળીઓ ખૂટી ગઈ. લોકો વિફર્યા. તેમણે પોલીસના માણસોને એમની જ બંદૂકના કૂંદાથી મારી મારીને લોહીલુહાણ કર્યા. પછી લોકોએ રસ્તો આંતર્યો, જેથી પાસેના લશ્કરી મથકથી લશ્કરના માણસો આવી ન શકે. કલેક્ટર અડધે રસ્તે આવ્યો, પણ રસ્તામાં અંતરાયો મૂકેલા જોઈ અને લોકોનો ઉશ્કેરાટ જોઈ ડરી ગયો. પાસેના જંગલમાં આદિવાસીઓ તૈયાર હતા. લશ્કર આવે તો ત્રાટકવાના હતા. કલેક્ટર પાછો ફર્યો. લશ્કરીમથકમાં જઈને 200 ગોરાઓના લશ્કરને લઈને આવ્યો. ગોરા લશ્કરે દુશ્મનો સામે વાપરવાનાં બધાં હથિયારો જનતા સામે વાપર્યાં. આખો રસ્તો ઘાયલોથી ભરાઈ ગયો. બહેનો પર અત્યાચાર થયા. આ બધું દિવસો સુધી ચાલ્યું. સરકારે છાપામાં આ ખબર આવવા દીધી નહિ. પણ સેવાગ્રામ આશ્રમમાં રહેતા પ્રોફેસર ભણસાળી આવી સ્થિતિમાં શી રીતે શાંત બેસી રહે? એમણે લશ્કરના આ જંગલી અત્યાચારની તપાસ કરવા એક પંચ નીમવાની માગણી કરી અને માગણી મંજૂર ન થાય ત્યાં સુધી ઉપવાસ કરવાની જાહેરાત કરી. સરકારની અકળામણનો પાર ન રહ્યો.

પ્રો. ભણસાળીએ બેધારી તલવાર વીંઝી હતી. જો સરકાર તપાસપંચ

નીમે તો સરકારને નીચાજોણું થાય અને જો ઉપવાસ કરતા પ્રો. ભણસાળીનું મોત થાય તો દેશમાં એવી આગ ભડકી ઊઠે કે અંગ્રેજોને દેશ છોડીને ભાગી જવાનું પણ મુશ્કેલ બની જાય. દેશવિદેશમાં સરકારની બદનામી થાય. કોંગ્રેસ-પત્રિકામાં તો રોજરોજ પ્રો. ભણસાળીની તબિયત વધારે ને વધારે બગડતી જવાના સમાચાર આવતા. કોંગ્રેસ રેડિયો પરથી પણ સરકાર એમને મારી નાંખવા માગે છે એમ કહેવામાં આવતું. એમની તબિયત જેમ જેમ લથડતી ગઈ તેમ તેમ જેઓ કોંગ્રેસવિરોધી હતા, અને સરકારની જોડે હતા, તેમણે પણ તપાસમંચની માગણીને ટેકો આપવા માંડયો. પ્રો. ભણસાળીની તબિયતના સમાચાર છાપાંવાળા છાપે નહીં તે માટે મનાઈહુકમ કરવામાં આવેલો; એટલે છાપાંવાળાઓએ બીજો રસ્તો શોધ્યો. તેઓ એક દીવાની જ્યોત દરરોજ થોડી વધુ ધીમી થઈ જતી બતાવતા. આખરે સરકારને નમવું પડયું. આમ 63 દિવસના ઉપવાસને પરિણામે રાક્ષસી હિંસા સામે અહિંસાની જીત થઈ.

નવમી ઓગષ્ટે 'હિન્દ છોડો' નો જંગ શરૂ થયો. તે પછી ચાર મહિને સરકારે એક લાંબું નિવેદન બહાર પાડયું. તેમાં સત્યાગ્રહીઓએ જે તોડફોડ તથા હિંસા કરેલી તેની બધી જવાબદારી કોંગ્રેસ અને ગાંધીજીને માથે ઓઢાડેલી. ગાંધીજીએ એ નિવેદનનો જવાબ આપ્યો. તેમાં સરકારની રાક્ષસી હિંસાને એ માટે જવાબદાર ઠરાવેલી. ગાંધીજીએ સરકારને લખેલો લાંબો કાગળ જાહેર કરવાની સરકારે ના પાડી. તેના વિરોધમાં ગાંધીજીએ 9મી નવેમ્બરે 1942ને દિને એકવીસ દિવસના ઉપવાસ શરૂ કર્યા.

સરકારે ગાંધીજીની ઠેકડી ઉડાવી. એટલું જ નહિ, ગાંધીજીનું મૃત્યુ થાય તો શા પગલાં લેવાં તે પણ નક્કી કરેલું. સરકાર ઈચ્છતી તો હતી કે ગાંધીજીનું મૃત્યુ થાય. કારણ એમ થાય તો પછી લડતને સહેલાઈથી કચડી દઈ શકાય. બીજી તરફ સરકારને ડર પણ હતો કે ગાંધીજીનું મૃત્યુ થાય તો દેશમાં જવાળામુખી ફાટે. અને સરકારને ભાગવું પડે. આથી

સરકારે આવી આફતમાંથી બચવા ગાંધીજીને જણાવ્યું કે ઉપવાસ દરમ્યાન સરકાર એમને છોડી મૂકવા તૈયાર છે, કારણ કે ગાંધીજી જો જેલમાં મરે તો સરકાર માટે વધારે આફત ઊભી કરે. એના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે જો એમને બિનશરતે છોડવામાં આવે તો એ ઉપવાસ કદાચ ન પણ કરે. આથી સરકારની મૂંઝવણ વધી. કારણ કે જો સરકાર ગાંધીજીને બિનશરતે છોડે તો એણે ગાંધીજી પર કરેલા આક્ષેપો ખોટા ઠરે. એટલે ઉપવાસ દરમિયાન ગાંધીજીને જેલમાં રાખવાનું જોખમ સરકારે વહોરી લીધું.

સુચેતા કૃપલાની તે વખતે સતાતાં ફરતાં હતાં. તે ગાંધીજીને જેલમાં છૂપી રીતે મળવા માગતાં હતાં. જેલની બહાર જનતા, નેતાઓ તથા સરકાર શું કરી રહ્યાં છે તે ગાંધીજીને જણાવવાનું હતું. છૂપી પોલીસના ખાતાના મોટામાં મોટા અમલદાર આયંગર સુચેતાને જેલમાં છૂપી રીતે લઈ ગયા ને ગાંધીજીને મેળવી આપ્યાં. સુચેતાને પકડવા માટે સરકારે દસ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરેલું, પણ એમને કોઈએ પકડયાં નહીં. ગાંધીજી એમને મળીને રાજી થયા.

ગાંધીજીના ઉપવાસ હેમખેમ પૂરા થયા. 1943ના ફેબ્રુઆરીની 23મીએ કસ્તુરબા ગુજરી ગયાં. એમના અગ્નિસંસ્કાર જેલના ચોગાનમાં થયા.

1944ના માર્ચમાં લગભગ બે વર્ષ પછી, સરકારે ગાંધીજીને બિનશરતે છોડી મૂક્યા.

'હિન્દ છોડો'ની લડાઈ બધી રીતે જુદી હતી. પહેલાંની લડાઈઓમાં કાયદો તોડીને સરકાર પકડે તો જેલમાં જવાનો કાર્યક્રમ હતો. જ્યારે આ વખતે જેલભરોના કાર્યક્રમ નહોતો.

આ વખતે તો 'હિન્દ છોડો' તથા 'કરેંગે યા મરેંગે' એ બે વાત જ ગાંધીજીએ કહી હતી. અંગ્રેજોને અહીંથી ભાગી જવું પડે એવી પરિસ્થિતિ ઊભી કરવાની અને તે માટે મરણિયો જંગ ખેલવાનો છે એટલું જ ઠરાવ અને ભાષણો પરથી સમજાતું હતું.

આ લડતમાં જુવાનિયા, બહેનો, મજૂરો, ખેડૂતો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો, મોખરે હતા. એક રીતે કહીએ તો સમાજના દરેક વર્ગના લોકો મોખરે હતા.

દેશી રાજ્યોના લોકોનો ફાળો પણ માતબર હતો. ભાવનગર, રાજકોટ, મોરબી, હૈદરાબાદ, મૈસૂર, ત્રાવણકોર, દરભંગા, કોલ્હાપુર વગેરે દેશી રાજ્યોનાં લોકો અંગ્રેજોની ધૂંસરી ફગાવી દેવા માટે જંગમાં જોડાયા હતા.

આ લડતમાં તો ઉષા મહેતાએ ગેરકાયદેસર રેડિયો પરથી સરકારવિરોધી, રાજને ઉથલાવી પાડવામાં સહાયભૂત થાય એવાં ભાષણો અને સમાચારો આપીને જીંદગીને હોડમાં મૂકી. બૉંબધડાકા જોડે સંકળાયેલી કાવેરીબેન દીવેચા ભાંગફોડની યોજના ઘડતી ને દોરવણી આપતી, અઢી વર્ષ સુધી છુપાઈને પોલીસને થાપ આપ્યા કરતી. અને જેને પકડવા માટે મોટું ઈનામ આપવાની સરકારને જાહેરાત કરવી પડે એવી અરૂણા અસફઅલી, જાનના જોખમે બિહારની કોલસાની ખાણોમાં હડતાલ પડાવતી ખુરશેદબેન નવરોજી, કર્ણાટકમાં બહેનોની છાપામારની ટૂકડીઓ તૈયાર કરતી કમળાદેવી ચટ્ટોપાધ્યાયે અત્યંત જોખમ ભરેલાં કામો કરેલાં.

સરકારના કર્મચારીઓએ નોકરીમાં ચાલુ રહીને છુપી રીતે લડતમાં મદદ કરી હતી. જેમને પકડવા માટે મોટી રકમનું ઈનામ જાહેર થયું હતું તેવા આઝાદીના લડવૈયાઓને સરકારી અમલદારો એમના ઘરમાં સંતાડી રાખતા હતા. અરૂણા અસફઅલીને પકડવા માટે પણ મોટા ઈનામની જાહેરાત થઈ હતી. તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ લશ્કરના વિમાનમાં, લશ્કરના વિમાનચાલક બીજુ પટનાયક વારંવાર લઈ જતા હતા. ભયંકર ગુના માટે પકડાયેલા સત્યાગ્રહીઓના સરકારી વકીલો એવી રીતે કેસ રજૂ કરતા કે ઘણા સત્યાગ્રહીઓ અદાલતમાં છૂટી ગયેલા.

'હિન્દ છોડો'ની લડત કેવી હતી તેનો ખ્યાલ સરકારી કચેરીના

નીચેના આંકડાઓ પરથી આવશે :

લડત દરમિયાન પોલીસે 601 વાર ગોળીબાર કર્યા. તેમાં 1901 માણસો મૃત્યુ પામ્યા અને 3064 સત્યાગ્રહીઓ ગંભીર રીતે ઘાયલ થયા. જનતાએ પોલીસ ચોકીઓ અને બીજી સરકારી કચેરીઓ પર હુમલા કર્યા. તેમાં 1031 લોકો મર્યા તથા 1934 ઘાયલ થયા. 1368 પોલીસ તથા બીજા સરકારી નોકરોએ રાજીનામા આપ્યાં. 208 પોલીસ ચોકીઓ પર હુમલા થયા. 749 સરકારી કચેરીઓ લોકોએ કબજે કરી. 664 બૉંબવિસ્ફોટ થયા. 1369 બૉંબ ફૂટે તે પહેલાં જ પોલીસે કબજે કર્યા. 474 રસ્તાઓમાં ગાબડાં પાડયાં, જેથી એનો ઉપયોગ ન થઈ શકે. સરકારે 90 લાખ રૂપિયાનો દંડ વસૂલ કર્યો. 2562 સત્યાગ્રહીઓને ચાબૂકના ફટકાની સજા કરવામાં આવી. 91,836 સત્યાગ્રહીઓ પકડાયા. 106 મ્યુનિસિપાલિટીઓને બરખાસ્ત કરવામાં આવી. 332 રેલ્વે સ્ટેશનોનો નાશ કરવામાં આવ્યો. રેલના પાટા ઉખેડવાના 411 બનાવો બન્યા, જેને લીધે 66 ગંભીર અકસ્માતો થયા. 945 ટપાલ કચેરીઓનો નાશ કરાયો. ટેલિફોનનાં દોરડાં કપાયાંના 12,286 બનાવો બન્યા. 68 વાર લશ્કરે ગોળીબાર કર્યો. જેમાં 15 વાર તો વિમાનમાંથી ગોળીબાર કરવો પડયો. જેને કારણે 238 સત્યાગ્રહીઓ મૃત્યુ પામ્યા.

'હિન્દ છોડો'ની લડાઈ લોકોએ આપમેળે ચલાવી હતી. દોઢસો વર્ષ પહેલાં–1857માં અંગ્રેજના લશ્કરના દેશી સિપાઈઓએ અંગ્રેજોને હાંકી કાઢવા લડત ઉપાડી અને 1947માં આમજનતાએ અંગ્રેજોને હાંકી કાઢી તેની પૂર્ણાહુતિ કરી.

## બે

'હિન્દ છોડો'ની લડાઈ શરૂ થઈ તે વખતનું વાતાવરણ દેશભક્તિથી એવું રંગાયેલું હતું કે અમારા ઘરનાં ત્રણ જણે લડતમાં ઝંપલાવવાનો નિર્ણય લીધો. હું કોલેજમાં પ્રોફેસર હતો. મારો ભાઈ દાકતરીનું જાણતો હતો. અને બહેન એમ.એ.નો અભ્યાસ કરતી હતી. મારા પિતા રિટાયર જજ હતા. એમને સરકારી પેન્શન મળતું હતું. અમે લડતમાં જોડાઈએ તો સરકાર એમનું પેન્શન બંધ કરે એવો ડર હતો. એટલે એમનો સખત વિરોધ છતાં પણ અમે અડગ રહ્યા. અમારી જેમ ઘણાં સરકારી નોકરોનાં બાળકોએ લડતમાં માબાપની ઈચ્છા વિરુદ્ધ ઝંપલાવેલું.

૯મી ઓગસ્ટે, એટલે લડતના પહેલે દિવસે મને ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દૂ તથા અંગ્રેજીમાં છાપવામાં આવેલી કોંગ્રેસ પત્રિકા વહેંચવાનું કામ સોંપાયેલું. મારા ભાઈ તથા મારી બહેનને શું કામ સોંપાયેલું. તેની મને ખબર નહોતી. કારણ કે કોઈને પણ છૂપા કામની વાત કરવાની મનાઈ કરવામાં આવેલી. પત્રિકામાં જે છપાતું તે ક્યાંથી મેળવાતું તથા કોણ લખતા તેની પણ મને ખબર નહોતી. આમ ગુપ્તતા જાળવવાની પૂરી કાળજી લેવાઈ હતી.

પંદરેક દિવસ પછી મને ગુજરાતી પત્રિકા લખવાનું કામ સોંપાયું. હું ગુપ્ત જગ્યાએ જતો. ત્યાં જ સમાચારોનાં કાગળિયાં મને આપવામાં આવતાં. હું પત્રિકા લખું, પછી મારું લખાણ લઈ મને છૂટો કરવામાં આવતો. દરેક જણાથી એના કામ સિવાય બીજું બધું જ છાનું રખાતું. જેથી કોઈ પકડાય તો એની પાસેથી પોલીસને લડત વિષેના બહુ સમાચાર ન મળે.

પછી મને ખબર મળેલી કે મરાઠી તથા ઉર્દૂ પત્રિકાઓ મોહ્યુદ્દીન હેરિસ નામના એક પત્રકાર લખતા. એ બીજી રીતે પણ સક્રિય હતા. તે એમના તથા છૂપા રહેતા નેતાઓ સિવાય કોઈ જાણતા નહિ. હિન્દી પત્રિકાઓમાં બહુ અગત્યનાં લખાણો ડૉ. રામમનોહર લોહિયા લખતા.

૭મી ઓગસ્ટ પછી આઠેક દિવસમાં મુંબઈમાં છૂપી મધ્યસ્થ કૉંગ્રેસ સમિતિ રચાઈ ગઈ. મુંબઈ લડતનું મુખ્ય મથક બન્યું. ત્યાંથી દેશના બધા ભાગોને દોરવણી મળતી. દેશને ખૂણે ખૂણેથી છુપાયેલા



કાર્યકર્તાઓ આવતા. ગુપ્ત રહેલા નેતાઓને મળતા. પોતાના પ્રદેશની પરિસ્થિતિ વિષે માહિતી આપતા. એ વખતે આ ગુપ્ત કચેરીમાં બાર ચુનંદા માણસો કામ કરતા. તેમાં અલ્હાબાદમાં કૉંગ્રેસની મુખ્ય કચેરી ઉપર પોલીસનો દરોડો પડતાં ત્યાંથી ભાગી આવેલા આઠથી નવ જણા હતા. એટલે તેમની પાસે દેશના જુદા જુદા ભાગો વિષેની પૂરી માહિતી હતી. મારો ભાઈ બહારગામથી આવતા માણસોની ચકાસણી કરી તેમની નેતાઓ જોડે મુલાકાત ગોઠવવાનું તથા ભાંગફોડની પ્રવૃત્તિ માટે નાણાં ઉઘરાવવાનું કામ કરતો. નાસતા ફરતા કાર્યકર્તાઓ માટે સંતાવાની, ખાવાપીવાની, તેમની રેલવે ટિકટની વ્યવસ્થાની જવાબદારી એને સોંપાયેલી.

મારી બેન ઉષા સારી વક્તા હતી. એટલે એને માટેના યોગ્ય કામ વિષે નેતાઓ વિચારણા કરતા હતા.

એ સમયે દેશના મહાન નેતા સુભાષચન્દ્ર બોઝને સરકારે ઘરમાં જ નજરકેદ રાખ્યા હતા. તેઓ વેષપલટો કરીને સરકારની આંખમાં ધૂળ નાંખીને દેશમાંથી ભાગીને જર્મની ગયા ને ત્યાંથી જાપાન ગયા. એમણે બન્ને જગ્યાનાં રેડિયો મથકો પરથી અંગ્રેજોની વિરૂદ્ધ લોહી ઊકળી ઊઠે એવાં ભાષણો આપ્યાં. એમનાં એ ભાષણો આપણા દેશમાં એટલાં બધાં લોકપ્રિય થયાં કે લોકો નવો રેડિયો ખરીદતી વખતે દુકાનદારને પૂછતા, 'જર્મની તથા જાપાનના રેડિયો કાર્યક્રમો સંભળાશે ને?'

આ પરિસ્થિતિમાં ડૉ. રામમનોહર લોહિયાને અહીં જ કૉંગ્રેસ રેડિયો શરૂ કરવાનો વિચાર આવ્યો. એમણે યોજના ઘડી અને છૂપી મધ્યસ્થ કૉંગ્રેસ સમિતિના સભ્યો આગળ એ વિચારણા માટે મૂકી. જેને અમલમાં મૂકવાનું નક્કી થયું.

એ સમયે રેડિયો શિક્ષણના વર્ગો ચલાવતા એક ભાઈ મુંબઈમાં કૉંગ્રેસ રેડિયો સ્ટેશન ઊભું કરવા તૈયાર થયા. ચકાસણી કર્યા પછી એ ભાઈને હરતુંફરતું રેડિયો સ્ટેશન ઊભું કરવાનું કામ સોંપાયું. થોડા

સમયમાં હરતુંફરતું સ્ટેશન ચાલુ થયું. એના કાર્યક્રમો વિષે કૉંગ્રેસ મારફત પ્રચાર થતો. ડૉ. રામમનોહર લોહિયા એમની તીખીતમતમતી વાણીમાં સરકારને કટકારતા, અને ઉષા લડતનો ઢોલ પીટતી. આ રેડિયો ખૂબ લોકપ્રિય થયો. દેશભરના લોકોમાં એ કાર્યક્રમે શૂરાતનનો સંચાર કર્યો. સરકાર ચોંકી ગઈ. સમાચાર અને ભાષણોની રેકર્ડ ઉતારવાની જવાબદારી વિઠ્ઠલભાઈ ઝવેરીએ સંભાળી. ત્રણચાર દિવસે રેડિયો પ્રસારણની જગ્યા બદલાતી. ગેરકાયદેસર કામ માટે મકાન ભાડે જોઈએ છે, એ જાણવા છતાં, લોકો રાજીખુશીથી રેડિયો પ્રસારણ માટે જગ્યા ભાડે આપતા. સરકારે ક્યાંથી રેડિયો પ્રસારણ થાય છે તે જાણવા આકાશપાતાળ એક કર્યાં, એને પકડી આપનારને મોટું ઈનામ આપવાની જાહેરાત કરી, પણ સફળતા ન મળી.

કૉંગ્રેસ રેડિયોએ પાંચ મહિના સુધી જનતાને આઝાદીના ઊજળાં સ્વપ્નાં દેખાડ્યાં. એક દિવસ રેડિયો યંત્ર તૈયાર કરનાર ભાઈ પકડાયો અને ઈનામની લાલચ હોય કે પોલીસનો ત્રાસ હોય, પણ એણે દગો દીધો. એ પોલીસને કૉંગ્રેસ રેડિયોના મથક પર લઈ ગયો. ને ઉષા તથા બીજા સાથીઓને પકડાવી દીધાં. સારું થયું કે અચ્યુત પટવર્ધન, લોહિયા, શ્રીપાદ જોશી વગેરે જોડે એને સીધો સંબંધ નહોતો, એટલે છૂપાતા ફરતા નેતાઓને આંચ ન આવી.

ઉષા પકડાઈ ત્યારે રેડિયો પરથી 'વન્દે માતરમ્'નું ગીત ગવાતું હતું, ત્યાં વચમાં કોઈ બારણાં તોડતું હોય એવો અવાજ આવ્યો. ગીત અધૂરું રહ્યું. એટલે સાંભળનારાઓને લાગ્યું કે જરૂર કશુંક ચિંતાજનક બન્યું છે.

ઉષા અને એની જોડે પકડાયેલાને પોલીસ થાણા પર લઈ ગયા. ત્યાં ખૂબ ત્રાસ આપ્યો. દિવસો સુધી એ રંજાડ ચાલ્યા કરી. તેને લીધે ત્યારથી આજ સુધી એ કશો ખોરાક લઈ શકતી નથી. આમ છતાં એ લોકોએ પોલીસને કશી માહિતી આપી નહિ. એમને અધમુઆ બનાવીને જેલમાં ખસેડ્યા. સરકારે એમની પર રાજદ્રોહ અને સરકારને



ઉથલાવી નાંખવાનું કાવતરું કરવાનો ગુનો દાખલ કર્યો. કોર્ટમાં કેસ ચલાવ્યો. પેલા રેડિયો મથક તૈયાર કરનારે સરકારી સાક્ષી તરીકે બધી વિગતો આપી દીધી.

કૉંગ્રેસના મંત્રીમંડળમાં રહેલા એક મોટા વકીલે વગર પૈસે ઉષાનો કેસ લડવાની ના પાડી. અચ્યુત પટવર્ધનના મિત્ર બેરીસ્ટર જમેએ હોંશથી ઉષાના વકીલ તરીકે કામ કર્યું. આમ જે લોકો સીધી રીતે લડતમાં જોડાયા નહોતા તેઓ પણ પોતાની રીતે લડતમાં અગત્યનો ભાગ ભજવતા હતા. ઉષાએ પોતાનો બચાવ ન કર્યો. ન્યાયધીશે ચુકાદો આપતાં ઉષાની હિંમતનાં વખાણ કર્યાં અને ચાર વર્ષની સજા ફટકારી.

ઉષાના પકડાયા પછી કેટલોક વખત રેડિયો બંધ રહ્યો. થોડા વખત પછી કાશી વિદ્યાપીઠના એક નાસતા ફરતા પ્રોફેસર કૌશલ્યાનંદન ગોઈરાલાને લોહિયાએ બોલાવ્યા, અને તેમની મદદથી ગાંધીજીના ઉપવાસ વખતે એક અઠવાડિયા માટે રેડિયો ચાલુ કરેલો. તે પછી એક

વર્ષે એમની જ સહાયથી ત્રીજી વાર જાન્યુઆરી 1944માં રેડિયો ચાલુ કરેલો.

મદ્રાસ તથા કલકત્તા મોકલવા માટે પણ રેડિયો સેટ તૈયાર કરેલા. પણ તે મોકલવાનું કામ ઘણું જોખમી હતું. મદ્રાસમાં મોહનભાઈ કરીને એક હીંગના વેપારી હતા. તેમણે મદ્રાસમાં રેડિયો ચલાવવાનું બીડું ઝડપ્યું. મુંબઈમાં દાકતરી કોલેજમાં ભણતાં એક બહેન જયંતિબેન માહીપતુરા રેડિયો સેટ મદ્રાસ લઈ પણ ગયાં. ત્યાં થોડો વખત રેડિયો ચાલેલો. કલકત્તામાં ત્યાંના છૂપી મધ્યસ્થ કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિ અન્ન દા ચૌધરીએ બિરલા મારફત સેટ મંગાવવાની વ્યવસ્થા કરી, પણ કશા કારણથી ત્યાં રેડિયો ચાલુ થઈ શક્યો નહિ.

1943ના સપ્ટેમ્બરના અંતમાં મધ્યસ્થ કોંગ્રેસની જે છૂપી કચેરી હતી તેના મંત્રી તરીકે તથા અરૂણા અસફઅલીના અંગત માણસ તરીકે મારી નિમણૂક કરવામાં આવી. બહારગામથી જે નેતાઓ આવે તેમને સંતાઈ રહેવાની, નેતાઓને મળવાની જગ્યાઓ નક્કી કરવાની તથા બહારગામના કાર્યકર્તાઓ પાસે લડત વિષેની વિગતો એકઠી કરવાની ને તેને છપાવવાની એ બધી વ્યવસ્થા કરવામાં હું રોકાયલો રહેતો. આ કામ કરતાં મેં જાણ્યું કે મોટા મોટા ઉદ્યોગપતિઓના જુવાન છોકરાઓ સંતાવાની ને મુલાકાતની જગ્યા શોધી આપતા. એમની ગાડીઓનો છૂટથી ઉપયોગ થવા દેતા. હથિયારોની હેરફેર માટે પણ ગાડીનો ઉપયોગ થવા દેતા, અને બહુ જ છૂપું કામ હોય તો જાતે જ ગાડી ચલાવતા.

જે નેતાઓ સંતાતા ફરતા હતા. તેમણે પોતાનાં અને આ કામોમાં સંકળાયેલાઓનાં નામ બદલ્યાં હતાં. જેથી કોઈ કાર્યકર્તા પકડાય તો પોલીસ એની પાસેથી સાચાં નામો ન મેળવી શકે. માત્ર બનાવટી નામો જ જાણે. અચ્યુત પટવર્ધન 'સાહેબ', ડૉ. લોહિયા 'વૈદ', જયપ્રકાશ નારાયણ 'મહેતા', અરૂણા અસફઅલી 'કુસુમ', સુચેતા કૃપલાણી 'દીદી', એ નામથી ઓળખાતાં. થોડે થોડે વખતે નામો બદલવામાં આવતાં, જેથી પોલિસને નામની ખબર પડે તો પણ તેમને

અંધારાંમાં રાખી શકાય. આ રીતે મારું નામ પ્રભાત રાખેલું.

છૂપા ફરતા નેતાઓને મળાવા જેમને હું લઈ જતો તેમને ત્યાં મૂકીને હું બહાર આવી જતો, જેથી એ લોકો વચ્ચે થયેલી વાતચીતની મને ખબર ન પડે. પણ જણાવેલા સમયે હું પાછો એને લેવા જતો.

ઓક્ટોબર 1943ના અંતમાં જેલમાંથી ભાગી ગયેલા જયપ્રકાશ એમના બે સાથીઓ' જોડે મુંબઈ આવેલા. એમના સાથીઓ સૂરજનારાયણ સિંહ તથા રામનંદન મિશ્રએ જોગેશ્વરી આગળ યુવાનોની કાર્યશિબિર યોજી. તેમાં યુવકોને બૉંબ બનાવવાનું, રેલના પાટા ઉખેડવાનું, હથિયાર વાપરવાનું શિક્ષણ આપવામાં આવેલું. શીખવા આવનાર યુવકોની પૂરી ચકાસણી કરાતી. અને શીખવવાની જગ્યા પણ વારેવારે બદલવામાં આવતી. શિક્ષણ લેનારા મોટેભાગે મહારાષ્ટ્રીયન હતા. એકલદોકલ ગુજરાતી પણ હતા. એ વિષે કદી વધારે માહિતી મને મળી નહોતી. પણ હું જ્યારે જેલમાં ગયો અને ત્યાં બે ત્રણ ગુજરાતી ભાઈઓને મળ્યો ત્યારે એમણે જણાવેલું કે એમણે બૉંબ બનાવવાનું શિક્ષણ સૂરજનારાયણ પાસે જોગેશ્વરીમાં લીધું હતું. એ હતા મનહર જાઈ, સુરેન્દ્ર મોદી અને શશીકાન્ત કાડકિયા. એ લોકો બૉંબ બનાવતાં પકડાયેલા.

કેટલાક પકડાયેલા સત્યાગ્રહીઓ પોલીસના મારને લીધે અથવા ફાંસી કે આજીવન કેદની સજામાંથી બચવા માટે પોલીસને બધી ગુપ્ત વાતો જણાવી દેતા. અને કોર્ટમાં પોતાના સાથીઓની વિરૂદ્ધ સરકારી સાક્ષી થવાનું પણ માની લેતા. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે કોંગ્રેસના છૂપા મથકમાં એક ખાતું ખોલવામાં આવ્યું હતું. તેમાં એ સાથીઓ ઉપલી કોર્ટમાં ફેરવી તોળે એવી યોજના ઘડાઈ. એ માટે એવા લોકોનાં નજીકનાં સંગાંઓનો પત્તો મેળવી, તેમનો એમના ગામમાં કે લત્તામાં સંપૂર્ણ બહિષ્કાર થાય, ગામના દુકાનદારો એમને કશું વેચે નહિ, એમને જીવન માટે જરૂરી ચીજો ન મળે તે માટેની યોજના ઘડાઈ અને અમલમાં મુકાઈ. આ આ યોજના ઘડવામાં અચ્યુત પટવર્ધન, અણ્ણા

સહસ્રબુદ્ધે, શ્રીપાદ જોશી તથા છોટુભાઈ પુરાણી હતા. આ કામ એવું સફળતાથી પાર પડ્યું કે ભયંકર ગુન્હા માટે નીચલી કોર્ટમાં સત્યાગ્રહીની વિરૂદ્ધ જેઓ સરકારના સાક્ષી બનેલા, તેમાંના બે ત્રણ જણને બાદ કરતાં બધા જ ઉપલી કોર્ટમાં ફરી ગયા ને કોર્ટે એમને છોડી મૂકવા પડયા. જોકે કોર્ટમાંથી બહાર નીકળતાં એમને પાછા પકડીને નજરકેદમાં રાખેલા. લડતનું આ એક ઉજળું પાસું હતું.

મુંબઈથી ડૉ. લોહિયાએ ચન્દ્રકાન્ત મોદી તથા ખુરશેદબેન નવરોજીને, બિહારની કોલસાની ખાણોમાં હડતાલ પડાવવા તથા કલકત્તા તથા પંજાબમાં જઈ જયપ્રકાશ નારાયણ જોડે જેલમાંથી ભાગી ગયેલા રામાનંદ મિશ્રને સાથે લઈ લશ્કરના હિન્દી સિપાઈઓમાં ફૂટ પડાવવા મોકલ્યા. બિહારમાં એમણે સારું એવું તોડફોડનું કામ કરેલું. પણ પંજાબમાં લશ્કરમાં ફૂટ પડાવવા જતાં એ પકડાયેલા. એમને લાલ કિલ્લામાં છ મહિના સુધી એકાંતવાસમાં રાખી ખૂબ ત્રાસ આપેલો.

મારા કામમાં મને ગાંધીજીના આશ્રમવાસી સ્વામી આનંદની ઘણી મદદ મળેલી. સરકારના જુલમની વિગતો આપતી એક પુસ્તિકા એમણે તૈયાર કરેલી. એનાં છેલ્લાં પ્રૂફ આપ્યાં ત્યારે એમાં એમણે ઉમેરેલું : "આ ચોપડી બીજી વાર છપાઈ છે." મેં એમને પૂછ્યું કે "આ કેમ ઉમેર્યું ?" ત્યારે એ હસતાં હસતાં કહે, "આ ચોપડી પોલીસના હાથમાં જાય તો આ વાંચીને એમ થાય કે પહેલી વાર છપાયેલી બધી ચોપડીઓ વેચાઈ ગઈ ત્યાં સુધી અમને એની ખબર જ ન પડી, એમ માનીને એ ભોંઠા પડી જાય. કશું છપાવવાનું હોય તો એમને જ સોંપાતું, કારણ ગાંધીજીની અઠવાડિક પત્રિકાઓમાં એ જ બધું કામ સંભાળતા હતા. એક વાર એમને મળવા મુંબઈના 'જન્મભૂમિ' છાપાના તંત્રી મોહનભાઈ મહેતા આવ્યા હતા. અમે બન્ને એકબીજાને સારી રીતે ઓળખતા. પણ તે વખતે અમને બન્નેને થયું કે આ અહીં ક્યાંથી. પછી સ્વામી આનંદે કહ્યું કે કોંગ્રેસ પત્રિકા માટે સમાચાર પૂરા પાડવાની જવાબદારી એમને માથે છે. એ તોડફોડના કામમાં પણ આગળ પડતો

ભાગ લેતા હતા. એક વાર પોલીસ એમને પકડવા આવી ત્યારે ઘરકામ કરનાર નોકરનાં કપડાં પહેરીને એ પાછલે બારણેથી છટકી ગયા હતા ને પછી છેવટ સુધી પકડાયેલા જ નહિ.

માધવબાગ પાસે નારણભાઈ શાહ નામના એક સજ્જન રહેતા હતા. એ જુગારનો અડ્ડો ચલાવતા. પોતાના ધંધા માટે એમણે પોલીસને હપ્તા બાંધી આપેલા. એટલે પોલીસ એમના હાથમાં હતી. એમણે લડતમાં મદદ કરવાની પોતાની ઇચ્છા મને જણાવી ને જે કામ સોંપાય તે કરવાની ખાતરી આપી. મેં અચ્યુત પટવર્ધન અને ડૉ. લોહિયાને એમને વિષે વાત કરી. એમણે બહુ સારી રીતે એમની કસોટી કરી. એમણે મારી મારફત નારણભાઈને કહેવડાવ્યું કે પોલીસ કોની તપાસમાં છે, પોલીસ પાસે લડત વિષેની શી શી માહિતી છે. કોની કોની તપાસ ચાલે છે. ક્યાં ક્યારે દરોડો પડવાનો છે તે બધી માહિતી લઈ આવો. નારણભાઈએ ખુશીથી એ કામ હાથમાં લીધું. બીજે દિવસે બપોર સુધીમાં બધી વિગતવાર ખબર લઈ આવ્યા ને આપી. એટલે અમે જેને પકડવાનો હતો તેને ખસેડ્યો. તેમાં પણ નારણભાઈએ બધી મદદ કરેલી. આ ઉપરાંત નેતાઓને સંતાવાની જગ્યાઓ પણ તેમણે વારંવાર શોધી આપેલી.

એક વાર એમણે ખબર આપી કે છૂપી કૉંગ્રેસની કચેરી પર આજે સાંજે દરોડો પડવાનો છે. એ વખતે બપોરના બે વાગ્યા હતા. મેં એમને પુછાવ્યું : "શું કરીશું ?" એમણે મને પૂછ્યું : "તમને મારા પર વિશ્વાસ છે ?" મેં કહ્યું : "તમારી મદદથી તો અમે લડત ચલાવીએ છીએ." એમણે કહ્યું, "તો મને ચાવી આપો." મેં ચાવી આપી. પાંચ વાગે એ મારી પાસે આવ્યા. મને કહે, "અગાસીમાંથી પડખેના ઘરની એક ઓરડીમાં બધો સામાન ખસેડ્યો છે. આ એ ઓરડીના તાળાની ચાવી. પછી સાંજે સાચેસાચ દરોડો પડેલો. ને પોલીસને ઠાલા હાથે પાછા જવું પડેલું. એ વખતે નેતાઓએ એમને બોલાવીને ખૂબ શાબાશી આપેલી.

માર્ચ 1943માં નેતાઓએ મને ઉત્તર પ્રદેશ, બિહાર અને બંગાળમાં

ત્યાંની લડત વિષેની જાતતપાસ કરીને અહેવાલ આપવા જણાવ્યું. જયપ્રકાશના સાથી સૂરજનારાયણ સિંહે બિહારમાં કોને ક્યારે મળવું, શી વાત કરવી, શી શી સાવચેતી રાખવી તે સમજાવ્યું. કાશી વિદ્યાપીઠના પ્રો. રાધેશ્યામ શર્મા, જેમણે ઉત્તર ભારતની મોટાભાગની વિદ્યાપીઠોમાં વિદ્યાર્થીઓના ભાંગફોડનું, બૉંબ બનાવવાનું, પોલીસ થાણાં પર હલ્લો કરીને કબ્જો કરવાનું શિક્ષણ આપ્યું હતું, તે પણ મુંબઈમાં હતા. તેમણે પણ મને ક્યાં કોને મળવું, કયો સંકેત આપવો તે સમજાવ્યું. તેમણે મને કાર્યકર્તાઓનાં સાચાં નામો નહિ પણ બદલાયલાં નામો કહેલાં. જેથી જો હું પકડાઉં, ને પોલીસને નામ આપું, તોપણ પોલીસ તેમને પકડી ન શકે. મને એક બનાવટી તળિયાવાળી પેટી આપવામાં આવી. એ તળિયામાં મારે અહીંથી લઈ જવાનાં તથા ત્યાંથી લાવવાનાં કાગળિયાં રાખવાનાં હતાં.

હું અલ્હાબાદ, કાશી, લખનૌ, આગ્રા, અલીગઢ, પટણા, છાપરા વગેરે સ્થળોમાં ફર્યો. ત્યાંના કેટલાય પ્રસંગોની મને જાણ થઈ.

કાશીમાં રાધેશ્યામ શર્માએ કહ્યું હતુ તે પ્રમાણે હું એક ડૉક્ટર બહેનને મળ્યો. એ બહેનના પતિ ત્યાંની મિલના મેનેજર હતા. તેમણે મિલમાં હડતાલ પડાવી મજૂરોને લડાઈમાં સામેલ કર્યા હતા. પોલીસ ચોકી પર હુમલા કરાવ્યા હતા. સરકારનું કામકાજ ખેરવી નાંખ્યું હતું. એ બૉંબ ફેંકવા જતાં પકડાયા હતા. એમને ચાર વર્ષની જેલની સજા થઈ હતી. એમનું કામ એમની ડૉક્ટર પત્નીએ ઉપાડી લીધું હતું. એ પોતાને દવાખાનેથી લડત ચલાવતાં. પોલીસને એની ખબર હતી. પણ એ પોલીસના માણસોને મફત તપાસતાં ને દવા આપતાં, એટલે પોલીસ એમને જરાય રંજાડતી નહિ. એમણે કાશીમાં શું શું ચાલી રહ્યું છે તેની વિગતવાર માહિતી આપી. તેમણે તેમના એક અંગત માણસને બોલાવી જયપ્રકાશના સાથી રામનંદન મિશ્રને મેળવી આપવા કહ્યું. એમનો માણસ મને ગંગાકિનારે એક જૂનાપુરાણા ઘરમાં લઈ ગયો. તેમણે બિહારમાં ચાલતા કામની જિલ્લાવાર માહિતી આપી. ત્યાં

કેટલીક જગ્યાએ તો સરકારનું કામકાજ સાવ જ ખોરવાઈ ગયું હતું. ત્યાંની લડતની કેટલીક છાપેલી નોંધો હતી તે મને આપી.

લખનૌમાં મને ખબર મળી કે ત્યાંની પોલીસ સત્યાગ્રહીઓને મદદ કરે છે. જેને પકડવાના હોય તેને અગાઉથી ચેતવી દે છે. જે પિસ્તોલ જોડે પકડાતા તેની પિસ્તોલ આંચકી લઈ, એ રસ્તો રોકે છે એવો આરોપ મૂકી મહિના-બે મહિનાની સજા કરાવી એને છોડાવી દેતા.

આગ્રામાં એક દવાના વેપારી એમની દુકાનમાંથી લડત ચલાવતા હતા. ભાંગફોડની પ્રવૃત્તિમાં પૈસાની અને બીજી મદદ કરતા.

પટણામાં લોકરાજ જેવું હતું એટલે પકડાવાનો ડર નહોતો. ત્યાં રામનંદન મિશ્રે જણાવેલા છુપાઈને કામ કરતા કાર્યકર્તાઓને મળ્યો. બિહારમાં કામ ખૂબ જ પદ્ધતિસર ચાલતું હતું. ગામવાર તથા જિલ્લાવાર ક્યાં અને ક્યારે શું બન્યું તેની નોંધ હતી. એ નોંધોની થોડી



નકલો મુંબઈ લઈ જવા મેં લીધી. બીજે દિવસે ગંગાને સામે કિનારે મને છાપરા લઈ જવામાં આવ્યો ત્યાં. જનતારાજ હતું. ન્યાયાધીશ, પોલીસ અમલદારોને જનતાએ 'રક્ષકો' નામ આપેલું. શહેર સુધરાઈના મુખ્ય અધિકારી બધા જનતાએ ચૂંટેલા. ગામનો વહીવટ ચૂંટેલી ગ્રામ પંચાયતના હાથમાં. ઘેરેઘેર કૉંગ્રેસનો ઝંડો ફરકતો હતો ત્યાં જે પોલીસ અધિકારી હતો, તે અંગ્રેજના પોલીસ થાણાનો વડો હતો. ગામમાં સરઘસ નીકળ્યું હતું. તેમાં એનો છોકરો આગળ ધ્વજ લઈને ચાલતો હતો. ત્યારે પટણાથી આવેલા એક ગોરા પોલીસ અમલદારે એ છોકરા પર ગોળી છોડી. છોકરો ત્યાં જ ઢળી પડયો. એ જોતાં જ પોલીસના બધા માણસો એ ગોરા પર તૂટી પડયા. એની પિસ્તોલ ઝૂંટવી લીધી. એને સારી પેઠે માર્યો તથા ગ્રામપંચાયતની સામે ઊભો કર્યો. ગ્રામપંચાયત એને મોતની સજા કરી શકી હોત. પણ તો પછી જનતારાજ અને અંગ્રેજના રાજ વચ્ચે ફરક શો રહેત? એટલે એના હાથપગ બાંધી, મોઢે મેશ લગાડી, એને ગધેડા પર બેસાડી આખા ગામમાં ફેરવ્યો. છોકરાના બાપને જનતારાજનો વડો પોલીસ અમલદાર નીમ્યો. જનતાએ પોતાની મેળે લડત શી રીતે ચલાવી તે મેં અહીં નજરોનજર જોયું. હું દંગ થઈ ગયો. આમ લડતમાં બિહારે રંગ રાખ્યો હતો. ઘણી જગ્યાએ રાજપલટો થયો હતો. ત્યાં પોલીસ ચોકીઓમાં ગાંધીજીની છબી હતી.

બિહારની ભૂમિને વંદન કરી હું મુંબઈ આવ્યો ને કૉંગ્રેસના છૂપા વડા મથકના મંત્રીનું તથા અરૂણા અસફઅલીના અંગત મંત્રીનું કામ મેં પાછું સંભાળી લીધું. કામ ભારે હતું પણ આ કામમાં નારણભાઈ તથા ઉદ્યોગપતિના છોકરાઓ ઘણી મદદ કરતા. જેમકે અમદાવાદના મિલમાલિક કસ્તુરભાઈ મજમુદારના અંગત મંત્રી લલ્લુભાઈ મજમુદાર જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે જેલમાં જોઈએ તેટલા લાવી આપતાં આ કામમાં દેશભરમાં છૂપાતા ફરતા અગ્રણી કાર્યકર્તાઓનો ખૂબ નજીકથી પરિચય થયો.

બે ભૂલ્યા ભૂલાય નહિ એવા બનાવોએ મારા મન પર એવી છાપ પાડી છે કે જાણે એ ગઈ કાલની જ ઘટના હોય !

સરકારી રાક્ષસી હિંસા સામે ગાંધીજીએ જેલમાં એકવીસ દિવસના ઉપવાસ શરૂ કરેલા. બધા નેતાઓના તો જાણે હૃદયના ધબકારા બંધ થઈ ગયા હતા. ન કરે નારાયણ ને ગાંધીજી મહાદેવભાઈ અને કસ્તુરબાને માર્ગે જાય તો ! શું કરવું તે સૂઝે જ નહિ. એવે વખતે નિવેદન લખવાના હોશકોશ ન હોય. એટલે પહેલેથી જ નિવેદન તૈયાર કરી રાખવાનું નક્કી થયું. એ કામ જયપ્રકાશને સોંપાયું. જયપ્રકાશ નિવેદન લખતાં લખતાં લાગણીના પૂરમાં એટલા બધા તણાયા કે એમની આંખમાંથી શ્રાવણભાદરવો વહેવા માંડયો. એમની કલમ આગળ ચાલે જ નહિ. સદ્ભાગ્યે એ નિવેદન છપાવવાનો મોકો દયાળુ ઈશ્વરે ન આપ્યો.

બીજો પ્રસંગ. નેતાજી સુભાષની આઝાદ હિન્દ ફોજ દેશના સીમાડા સુધી આવી પહોંચી હતી. આઝાદ હિન્દ ફોજ અને 'હિન્દ છોડો' લડતના સત્યાગ્રહીઓ અંગ્રેજો સામે સહિયારી લડાઈ લડે તે માટે દેશને પૂર્વ સીમાડે જયપ્રકાશ અને સુભાષની મુલાકાત ગોઠવાઈ હતી. પણ જ્યાં એ બન્ને મહાપુરુષો મળવાના હતા ત્યાં સુભાષની સેના આવવા ન પામી. જો આવવા પામી હોત તો આપણા દેશનું ભાવિ એક જુદો જ વળાંક લેત.

એક દિવસે સવારે આવીને નારણભાઈએ મને ખબર આપી કે બીજે દિવસે સવારે પોલીસ મને પકડવા આવવાની છે. મેં અચ્યુત પટવર્ધન તથા અરૂણા અસફઅલીને આ ખબર આપી. એમણે મને સંતાઈ જવા કહ્યું તથા ઘરમાં કંઈ કાગળિયાં હોય તો સગેવગે કરવા જણાવ્યું. સાંજે મેં નારણભાઈને વાત કરી. એમણે મારે માટે એક ઓરડી રાખી હતી. ત્યાં ટેલિફોન પણ હતો. એ રાતે મને ત્યાં લઈ ગયા. એમણે મારે માટે વાહનની પણ વ્યવસ્થા કરી હતી. ત્રણ-ચાર દિવસ ત્યાં રહ્યો. એટલું જ જાણે પૂરતું ન હોય તેમ એક વાર એ મારી મા અને પત્નીને પણ મને મળવા લઈ આવ્યા હતા. અને પાછાં એમને

ઘરે પહોંચાડયાં હતાં.

નારણભાઈના જણાવ્યા પ્રમાણે પોલીસ બંને દિવસ સવારે મને પકડવા આવી હતી, પણ હું તો ભાગી ગયો હતો. ઘરના ખૂણેખૂણા તપાસ્યા. ઘરનાંને ધમકાવ્યાં. હું ન મળ્યો એટલે મારા ભાઈને પકડી ગયા. મારા પિતા એમનું પેન્શન જશે એ વિચારે ગભરાયા. મારા ભાઈને પોલીસ લઈ જતા હતા ત્યારે એને કહે, "ત્યાં જઈને માફી માગજે. તને છોડી દેશે. ત્યાં મારી માએ એને કહ્યું, "ના. ખબરદાર માફી માગી છે તો. હું સહન ન કરીશ. માફી માગી તો તને ઘરમાં નહિ આવવા દઉં." 'હિન્દ છોડો' જંગના વાતાવરણની એની પર ઘણી અસર થઈ હતી.

એ વખતે હું ખાલસા કૉલેજમાં ગુજરાતી અને સોફિયા કૉલેજમાં સંસ્કૃત ભણાવતો હતો. પોલીસને ખાલસા કૉલેજની ખબર હતી. એટલે ત્યાં પહેરો મૂકી દીધેલો. પણ સોફિયા કૉલેજ પર પોલીસ ગયેલી નહિ. એથી મેં સોફિયા કૉલેજમાં છેવટ સુધી વર્ગો લીધેલા.

દોઢ મહિનો સંતાતો રહ્યો પછી એક સાંજે હું પકડાયો. મને પોલીસ ચોકી કોટડીમાં પૂર્યો. ત્યાં દુર્ગંધ ને મચ્છર તો હતાં જ પણ બીજે દિવસે મારા પર શું વીતશે એ વિચારને ચકડોળે હું ચઢયો. એટલે ઊંઘ ન આવી. હું મનને મક્કમ કરવાની મથામણ કરવા લાગ્યો. એટલું સારૂં હતું કે હું સાંજે પકડાયેલો. પોલીસના વડા સામે રજૂ થવાને લગભગ 16કલાકની વાર હતી. હું બહાર હતો ત્યારે અચ્યુત પટવર્ધને મને કહ્યું હતું કે મારપીટ ખમવાની તૈયારી રાખવી. મોઢામાંથી એક હરફ પણ ઉચ્ચારવો નહિ. એક વાર ઢીલા પડયા તો એ લોકો આપણને કચડી જ નાંખે. પણ એક વાર પોલીસને ખાતરી થાય કે એને ગમે તેટલો રંજાડીએ તોપણ એની પાસેથી કશી માહિતી નહિ મળે, તો પછી એ લોકો વધારે ત્રાસ નથી આપતા. મેં મારી મુસાફરી દરમ્યાન પણ પોલીસના સિતમની વાત સાંભળેલી. મારી બેન પર ગુજરેલા ત્રાસની મને ખબર હતી એટલે મનને મનાવ્યાં કરું કે એના મોટાભાઈ થવાની લાયકાત મારે પુરવાર કરવી જોઈએ. આમ આખી રાત મનને સમજાવ્યા કર્યું.

નારણભાઈએ મારી ધરપકડના સમાચાર ઘેર આપેલા. એટલે બીજે દિવસે સવારે મારા ઘરનાં માણસો પોલીસના વડાની ઓફિસે આવેલાં. નાયબપોલીસ કમિશ્નર મોહનલાલ દેસાઈ હતા. તેમણે મારા ઘરનાંને મોઘમ કહ્યું કે મને ત્રાસ નહિ અપાય. પછી એ મને એમની ઓફિસમાં લઈ ગયા. ત્યાં પોલીસનો માણસ હતો, તેને એમણે બહાર મોકલી દીધો. પછી મને ખાનગીમાં કહ્યું, "તમે લોકો દેશને માટે જે ભોગ આપો છો તેથી મને તમારા લોકો માટે ઘણું માન છે. હું સરકારી નોકર છું પણ દેશદ્રોહી નથી. હું બહારથી તમારો દુશ્મન લાગું પણ અંદરથી તમારો મિત્ર છું." પછી ધીરે સાદે કીધું કે મને એમના ઉપરી પાસે લઈ જશે, ત્યારે એ મને ગમે તેટલો માનસિક ત્રાસ આપે તોયે મારે કશું કહેવું નહિ. ગમે તેટલી ધમકી આપે, બરાડા મારે તો યે એક કાનેથી સાંભળી બીજે કાનથી કાઢી નાંખવું. એક વાર જરા ઢીલો થયો, તો પછી આવી બન્યું.

મને મોહનભાઈ દેવદૂત જેવા લાગ્યા. એમણે આપેલી હૈયાધારણથી મને થયું કે ઈશ્વર મારી પડખે જ છે.

પછી ત્રણચાર દિવસ સુધી એમના ઉપરીએ મને જુદી જુદી રીતે ત્રાસ આપ્યો. એક દિવસ ક્લાક દોઢ ક્લાક સુધી મને એની સામે ઊભો રાખ્યો. એ એનું કામ કરતો રહ્યો. પછી મને છુપાયેલા નેતાઓ ક્યાં છે તે વિષે પૂછ્યાં કર્યું. બીજે દિવસે મેનન નામનો એક અમારો સારો કાર્યકર્તા હતો તે એક અંગ્રેજ છોકરીના પ્રેમમાં હતો. તે છોકરી પણ લડતમાં કશુંક કરવા માગતી હતી. એ માટે મેં એને પહેલેથી રજા લઈને અરૂણા અસફઅલી તથા ડૉ. લોહિયાને મેળવી આપી હતી. મેં જ્યારે એ પોલીસના વડાને કહ્યું કે હું કશું જાણતો નથી ત્યારે એણે એ છોકરીને મારી સામે ઊભી કરી. અને એની પાસે કહેવડાવ્યું કે હું એને અરૂણા તથા લોહિયા પાસે લઈ ગયો હતો. પણ મેં કહ્યું કે આ છોકરીને હું ઓળખતો નથી. એ જૂઠું બોલે છે. આ વિષે મને મોહનભાઈએ ચેતવી દીધો હતો. અને એમણે ગોખાવેલા જવાબ હું આપતો હતો.

ત્રીજે દિવસે મારની ધમકી આપી. રાજદ્રોહનો કેસ કરશે, ને મને આજીવન કેદ કે ફાંસીની સજા થશે એમ કહ્યું. ત્યારે પણ મને મોહનભાઈએ અગાઉથી ચેતવ્યો હતો. પછી મને એક ઓરડામાં બેસાડી, ચાર જણા મારી ચારેબાજુ બેઠા અને બે-અઢી કલાક સુધી મને એકના એક સવાલો વારાફરતી પૂછયા કર્યા. માથું ભમવા માંડયું. ચક્કર આવવા માંડયાં. પણ મોહનભાઈના સૂચવ્યા પ્રમાણે હું મૂંગો બેઠો રહ્યો. ચોથે દિવસે બધા છૂપા ફરતા નેતાઓ વિષે માહિતી આપનારને સરકાર ઈનામ આપશે એવું જાહેર થયું. પેલા ગોરા અમલદારે પચાસ



હજાર રૂપિયાનો થોકડો મારી આગળ ધર્યો અને મને કહે : "કહે તો હમણાં જ તારે નામે બેંકમાં આ પૈસા જમા કરાવું. આપણા બે સિવાય ત્રીજું કોઈ જાણશે નહિ". આ માટે પણ મેં, મોહનભાઈએ સૂચવ્યું તે પ્રમાણે કહ્યું : "મારું અપમાન ન કરો. મારે દેશભક્તિનો ધંધો કરવો નથી." એણે મને જોરથી તમાચો માર્યો. મારું માથું ભમી ગયું. પણ હું મક્કમ રહ્યો.

આમ પૂછપરછ દરમ્યાન હું ટકી શકયો ને મક્કમ રહી શકયો તેનો બધો યશ મોહનભાઈને છે. મને થયું કે આ લડતની સફળતા માટે મોહનભાઈ જેવા સરકારી અમલદારનો ફાળો જરાય ઓછો નથી. આડકતરી રીતે પણ એમણે દેશસેવા જ કરી હતી.

પોલીસની કોટડીમાંથી મને ભાયખલા જેલમાં લઈ ગયા. ત્યાં બોંબ બનાવતાં પકડાયેલા બીજા સત્યાગ્રહીઓ હતા. તેમાં બોંબ ફેંકતાં પકડાયેલો એક પુત્રન નામનો કેદી હતો. એને કદાચ ફાંસીની પણ સજા થાય એવી પરિસ્થિતિ હતી. એની કોટડી અને મારી કોટડી વચ્ચે દીવાલ હતી. એ રોજ સાંજે મધુર સૂરમાં ગીત ગાતો હતો. એ ગીત આજે પણ મને બરાબર યાદ છે :

> વિદા કર દો મુઝે માતા ચરણ મેં સર નમાતા હૂં,
> ઈસી બઢતી જવાની મેં, યહાં સે અબ મૈં જાતા હૂં.
> નહીં અફસોસ મુતલક હૈ, મુઝે ફાંસી પે ચઢને કા,
> યહી સદમા સતાતા હૈ, જુદા ગોદી સે હોતા હૂં.

(હે ભારતમાતા ! મને વિદાય આપ. હું તારા ચરણમાં મારું માથું નમાવું છું. ભરજુવાનીમાં હું હવે અહીંથી ચાલ્યો જાઉં છું. મને ફાંસીના માચડા પર ચઢવાનો જરાય અફસોસ નથી. અફસોસ તો તારા ખોળાથી હું અળગો થાઉં છું એનો જ છે.)

એ એટલા ભાવથી ગાતો હતો કે કોઈને પણ સાંભળીને રડવું આવે. એની વિરૂદ્ધ સાક્ષી આપનારાને અમે ફોડેલા, એટલે પુરાવાના અભાવે એ છૂટી ગયેલો. પછી એને નજરકેદમાં રાખેલો.

ભાયખલા જેલમાંથી મને આર્થર રોડ જેલમાં લઈ ગયેલા. ત્યાં બે મહિના રાખી મને નાસિક જેલમાં લઈ ગયેલા. ત્યારે નારણભાઈએ મારે ઘેરે ખબર આપેલી. એ લોકો મને સ્ટેશન પર મળવા આવેલા.

નાસિક જેલમાં પેલી અંગ્રેજ બાઈનો પ્રેમી મેનન હતો. એણે એ બાઈ જોડે જેલમાં લગ્ન કરવાની રજા માગેલી. પણ લગ્ન થાય તે પહેલાં મેં મેનનને બાઈના દગાની વાત કરી, એટલે એણે એ બાઈ જોડેનો સંબંધ તોડી નાંખ્યો.

મારી બહેન તે વખતે પૂનાની યરવડા જેલમાં હતી. તેને હું મળી શકું તે માટે મેં મને યરવડા જેલમાં ખસેડવાની માગણી કરી. ત્રણ મહિને એ માગણી મંજૂર થઈ ત્યારે મને યરવડા જેલમાં લઈ ગયા. મહિને એક વાર મારા ઘરનાં માણસો મને મળવા આવે. ત્યારે પોલિસના પહેરા હેઠળ મને યરવડાની બહેનોની જેલમાં લઈ જવામાં આવતો, ત્યારે બહેનને અને ઘરનાંને હું મળી શકતો.

અહમદનગરના કિલ્લામાંથી બધા ટોચના નેતાઓને પોતપોતાના પ્રાંતમાં ખસેડેલા. ત્યારે સરદાર પટેલ અને શંકરરાવ દેવને યરવડા લઈ આવેલા. એમને અમારી જોડે જ રાખેલા. એ બન્ને અમારા પર ખૂબ સ્નેહ રાખતા. જેલમાં મારી બેન ઘણી માંદી પડી ત્યારે સરદારનાં દીકરી મણિબેન મારી બેનની જોડે હતાં. તેમણે મારા પર ચિઠ્ઠી લખીને મોકલી. મેં સરદારને વાત કરી. એમણે તરત જ જેલમાં ડૉક્ટરને બોલાવ્યો. એને સારી પેઠે ધમકાવ્યો ને તરત જ મારી બેનને પૂનાની હૉસ્પીટલમાં ખસેડવામાં આવી.

સરદાર અને શંકરરાવના છૂટવાનો હુકમ આવ્યો. અમે વિદાય સમારંભ આપ્યો ત્યારે સરદારે ચોખ્ખું કહ્યું : "આ અંગ્રેજો સામેની આપણી છેલ્લી લડાઈ હતી. હવે ગણતરીના દિવસોમાં અંગ્રેજો અહીંથી ચાલી જવાના છે. એ દીવા જેવું ચોખ્ખું છે. સ્વરાજ હવે હાથવેંતમાં છે."

એમની એ આગાહી સાચી નીવડી. હિન્દ છોડો લડાઈ આપણી વિજયયાત્રા હતી.

---

Laser typeset by Fine Impressions, New Delhi-110026
and printed at Shivam Offset Press, New Delhi-110028

130245
8-1-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

રૂ. 8.00

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

Library IIAS, Shimla
GJ 891.472 M 474 H
00130245

SABARMATI ASHRAM
000888 Ahmedabad
HIND CHODE LADAT GUJ.
MRP:Rs.8